આજનો સુવિચાર
સંઘર્ષમાં માણસ એકલો હોય છે અને સફળતામાં દુનિયા તેની સાથે હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૭ જૂનાગઢ તા.૦૭-૦૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 47, Junagadh : Date : 07 February, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# એસસી-એસટીમાં સબ કવોટા અનામત વિવાદ : સુપ્રિમ કોર્ટમાં ૭ જજોની બેંચ દ્વારા સુનાવણી

## જે જ્ઞાતિને અનામતનો લાભ મળ્યો છે તે હવે કેટેગરીમાંથી નીકળી જાય : જેઓ લાભ લઈ ચુકયા છે તેઓએ હવે વધુ પછાત લોકો માટે માર્ગ મોકળો કરવો જોઈએ - સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી તા. ૭
દેશમાં અનામત મુજબના પ્રારંભમાં જે વર્ગ શેડયુલ કાસ્ટ-(એસસી) તથા શેડયુલ ટ્રાઈબ (એસટી) વર્ગને અનામતના લાભો મળે છે તેમાં રાજય સરકારને સબ કેટેગરી કે સબ કવોટા બનાવવાનો અધિકાર છે કે કેમ તે ૨૦૦૬ થી સર્જાયેલી દ્વીધામાં ફરી એક વખત સુપ્રીમ કોર્ટ નિર્ણય કરશે.

સર્વોચ્ચ અદાલતની ૭ જજોની ખંડપીઠ આ અંગે રજૂ થયેલી અલગ અલગ ૨૩ અરજીઓ પર વિચારણા કરશે. અનેક રાજય સરકારોએ આ પ્રમાણે સબ કેટેગરી બનાવી તેનો લાભ ચોકકસ સમુદાયને આપવા પ્રયાસ કર્યો હતો પરંતુ સર્વોચ્ચ અદાલતે ૨૦૦૪માં રાજયોને આ પ્રમાણે કોઈ સબ કેટેગરીનો અધિકાર નથી તેવું જણાવીને તે કવોટા રદ કર્યો હતો.

પંજાબ સરકારે ૨૦૦૬માં આ અંગે જે સુધારા કર્યા તેમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે રીવ્યુ પીટીશન દાખલ કરી હતી અને હવે તે સંવિધાન ખંડપીઠ સમક્ષ તેને મુકવામાં આવી છે. વાસ્તવમાં સર્વોચ્ચ અદાલતે તેના એક ચુકાદામાં જણાવ્યું હતું કે રાજયને અનામત આપવાનો અધિકાર છે અને તેમાં પેટા-વર્ગ-જાતિને પણ અલગથી આંતરિક અનામત આપી શકે છે.

પરંતુ ૨૦૦૪માં ખુદ સર્વોચ્ચ અદાલતે જે રીતે પોતાનો ચુકાદો આપ્યો હતો તેમને ૨૦૨૦થી ચુકાદા વચ્ચે વિસંવાદીતા જણાતા હવે ૭ જજોની ખંડપીઠ આ અંગે નિર્ણય લેશે.

સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું કે, પછાત જાતિના લોકો કે જેઓ આરક્ષણના હકદાર હતા અને તેનો લાભ પણ મેળવ્યો છે, તેમણે હવે અનામત શ્રેણીમાંથી બહાર આવવું જોઈએ. સુપ્રિમ કોર્ટે એમ પણ કહ્યું કે તેઓએ વધુ પછાત લોકો માટે રસ્તો બનાવવો જોઈએ. સુપ્રીમ કોર્ટની ૭ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે મંગળવારે કાયદાકીય પ્રશ્નની સમીક્ષા કરવાનું શરૂ કર્યું કે 'શું રાજય સરકારને શૈક્ષણિક સંસ્થાઓમાં અને સરકારી નોકરીઓમાં પ્રવેશમાં અનામત આપવાના હેતુથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને પેટા-વર્ગીકરણ કરવાનો અધિકાર છે ?


બંધારણીય બેન્ચે સુનાવણીના પ્રથમ દિવસે કહ્યું હતું કે તે ૨૦૦૪ના સુપ્રીમ કોર્ટના ચુકાદાની માન્યતાની સમીક્ષા કરશે કે રાજયો પાસે અનામત આપવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને વધુ પેટા-વર્ગીકરણ કરવાની સત્તા નથી.

સુનાવણી દરમિયાન, જસ્ટીસ વિક્રમ નાથે, પંજાબના એડવોકેટ જનરલ ગુરગુમિંદર સિંહની દલીલોનો સારાંશ આપતા કહ્યું, 'આ જાતિઓને કેમ બહાર ન ફેંકી દેવી જોઈએ તમારા મતે અમુક પેટા જાતિઓએ ચોક્કસ શ્રેણીમાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. તેઓ આ શ્રેણીમાં આગળ છે. તેઓએ તેમાંથી બહાર આવીને જનરલનો મુકાબલો કરવો જોઈએ. ત્યાં કેમ રહેવું ? જેઓ હજુ પણ પછાત છે તેમને અનામત મળવા દો. એકવાર તમને આરક્ષણનો ખ્યાલ આવી જાય પછી તમારે તે આરક્ષણમાંથી બહાર નીકળી જવું જોઈએ.' એડવોકેટ જનરલે કહ્યું કે જો તે ઉદ્દેશ્ય સિદ્ધ થઈ જાય તો જે હેતુ માટે આ કવાયત કરવામાં આવી હતી તે હેતુ પૂરો થઈ જશે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચમાં જસ્ટિસ બીઆર ગવઈ, વિક્રમ નાથ, બેલા એમ ત્રિવેદી, પંકજ મિથલ, મનોજ મિશ્રા અને સતીશ ચંદ્ર શર્માનો સમાવેશ થાય છે.

બંધારણીય બેંચનું નેતૃત્વ કરી રહેલા ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે તેઓ માત્ર પરિમાણાત્મક ડેટા સંબંધિત દલીલોમાં સામેલ થશે નહીં, જેના કારણે પંજાબ સરકારે ક્વોટાની અંદર ૫૦ ટકા ક્વોટા પ્રદાન કરવો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૨૦૧૦ના નિર્ણયને પડકારતી ૨૩ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. જેમાં પંજાબ સરકારની મુખ્ય અપીલ પણ શામેલ છે.

# જીએસટી કૌભાંડ રોકવા વ્યાપક ફેરફારો કરાશે




નવી દિલ્હી, તા.૭
નકલી રિફંડ અને ઈનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરનારાઓ સામે કાર્યવાહી કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર જીએસટી રિટર્ન ફોર્મમાં સંશોધન કે સુધારા કરવાની સુવિધા પાછી ખેંચી શકે છે. આ સુધારા સુવિધાના મોટા પાયે દુરૂપયોગના કિસ્સા પ્રકાશમાં આવ્યા બાદ આ પગલું લેવામાં આવશે. તાજેતરમાં જ જીએસટીમાં છેતરપિંડીની તપાસ કરતી એજન્સીઓને આ મામલાઓની જાણકારી મળી છે.

નોંધનીય છે કે આ એજન્સીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં (ડિસેમ્બર ૨૦૨૩ સુધી) રૂપિયા ૧૮ હજાર કરોડના ૧,૭૦૦ કેસ શોધી કાઢયા છે. આ મામલે ૯૮ છેતરપિંડી કરનારાઓની ધરપકડ કરવામાં આવી છે.

# છેલ્લા ૧ વર્ષમાં લસણની કિંમતમાં ૧૮૦૦ ટકાનો વધારો : એક કિલોનાં રૂા. ૫૦૦



નવી દિલ્હી,તા.૭
લસણની કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ છે. ગત વર્ષની તુલનાએ ચાલુ વર્ષે લસણની કિંમતોમાં ૧૮૦૦ ટકાની તીવ્ર તેજી જોવા મળી છે. લસણની કિંમતોમાં ભાવવધારાનું સૌથી મોટું કારણ માગમાં વધારાને આભારી છે. આ ઉપરાંત લસણનો નવો પાક બજારમાં નહિ આવવાને કારણે કિંમતો વધારો જોવા મળ્યો છે. જોકે બે મહિનાના ગેપ પછી હવે લસણનો સપ્લાય શરૂ થયો છે.

જયારે ગુજરાત અને રાજસ્થાનું લસણ માર્ચમાં બજારમાં આવશે. લસણ એ ભારત અને ચીન જેવા પરંપરાગત દેશોમાં સૌથી પ્રાચીન વાનગીઓના સ્વાદનું રહસ્ય છે, તો બીજી તરફ આધુનિક યુરોપિયન ભોજન પણ તેના વિના અધૂરું છે. કોલકાતાથી માંડીને અમદાવાદ સુધી લસણનો એક કિલોનો ભાવ રૂ. ૪૫૦થી રૂ. ૫૦૦એ પહોંચ્યો છે. છેલ્લા ૧૫ દિવસોમાં લસણની કિંમતો વધીને રૂ. ૫૦૦એ પહોંચી છે. એક અહેવાલ અનુસાર વેપારીઓનું કહેવું છે કે એક મહિનામાં સ્થિતિ સામાન્ય થશે. ઊંચી કિંમતોને કારણે લોકો લસણની ખરીદીમાં કાપ મૂકી રહ્યા છે.

# વિમા પોલીસી પર લાગુ ૧૮ ટકા જીએસટી ઘટાડવા સમીતીની ભલામણ




નવી દિલ્હી, તા.૭
વિશ્વભરમાં ઈન્સ્યોરન્સ બિઝનેસના મામલે ભારત ૧૦માં સ્થાને આવી ગયું છે. વર્ષ ૨૦૨૧માં ભારતનો બજાર હિસ્સો ૧.૭૮ થી વધીને ૧.૮૫ ટકા થયો છે. એટલું જ નહીં, આ વર્ષે વીમા પ્રીમિયમમાં પણ ૧૩.૪૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. પરંતુ, ભારત એવા કેટલાક દેશોમાં સામેલ છે જ્યાં વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લેવામાં આવે છે.

સંસદની એક સમિતિએ પણ આ અંગે વાંધો વ્યક્ત કર્યો છે. સમિતિએ કહ્યું છે કે વીમા ઉત્પાદનો પર જીએસટીને તર્કસંગત બનાવવાની જરૂર છે

સાંસદ જયંત સિન્હાની આગેવાની હેઠળની સંસદની સમિતિએ વરિષ્ઠ નાગરિકો માટે સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનો અને માઈક્રોઈન્શ્યોરન્સ ઉત્પાદનો પર જીએસટી ઘટાડવાનું સૂચન કર્યું છે. સમિતિએ આના પર ૧૮ ટકાથી ઓછો રાખવાની ભલામણ કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સમિતિને લાગે છે કે વીમા ઉત્પાદનો, ખાસ કરીને સ્વાસ્થ્ય અને ટર્મ ઈન્સ્યોરન્સ પર જીએસટી દરને તર્કસંગત બનાવવાની જરૂર છે, જે હાલમાં ૧૮ ટકા છે. જીએસટીના ઊંચા દરને કારણે પ્રીમિયમનું ભારણ વધે છે, જેના કારણે લોકો માટે વીમા પોલિસી લેવી મુશ્કેલ બની જાય છે.

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
હેવન ફર્નિચર
M. 97263 15003
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

# ઈન્ડીયા ગઠબંધનને તોડી પાડવાની ભાજપની રણનિતી વધુ બે રાજયોમાં વિપક્ષમાં ભંગાણ કરાવશે

નવી દિલ્હી તા. ૭
આગામી લોકસભા ચુંટણી પુર્વે વિપક્ષોને નિશાન બનાવીને 'ઈન્ડીયા' ગઠબંધનને તોડવામાં સફળ બનવા આગળ વધી રહેલા ભાજપે પહેલા બિહારમાં જનતાદળ (યુ) અને રાજદની સરકારમાંથી જનતાદળ (યુ)ને અલગ કરી નીતીશકુમારને ફરી એનડીએમાં જોડી દીધા બાદ અને પશ્ચિમ બંગાળમાં પણ તૃણમુલ કોંગ્રેસ તથા કોંગ્રેસ વચ્ચેના જોડાણને તૂટવા પાછળનું રાજકારણ પણ રમાશે.

ભાજપે હવે મહારાષ્ટ્ર અને ઉતરપ્રદેશ ભણી તોપનું નાળચુ ફેરવ્યુ છે અને આગામી દિવસમાં એક તરફ મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે જૂથ પણ અઘાડી- મહાવિકાસ ગઠબંધનમાંથી અલગ થઈ જાય અને ભાજપ-મોદીનું શરણું સ્વીકારી લે તેવા સંકેત છે તો બીજી તરફ ઉતરપ્રદેશમાં સમાજવાદી પક્ષ અને રાષ્ટ્રીય લોકદળ વચ્ચેના જોડાણમાં પણ ખતરો સર્જાયો છે અને રાષ્ટ્રીય લોકદળ પણ સપાથી અલગ થઈને એનડીએમાં જોડાઈ જાય તેવી શકયતા નકારાતી નથી.

મહારાષ્ટ્રમાં પહેલા શિવસેનાના શિંદેજૂથની જે રીતે અસલી શિવસેના તરીકે માન્યતા આપવામાં આવી તે જ રીતે એનસીપીમાં પણ ચુંટણીપંચ બાગી નેતા અજીત પવારને અસલી એનસીપી જાહેર કરી ચુંટણી પ્રતિક પક્ષનું નામ તેને સુપ્રત કરતા હવે શરદપવાર જૂથે પણ નવા નામ નવા પ્રતિક શોધવા પડશે પણ મહત્વનું એ છે કે આ ચૂકાદાના પગલે એનસીપીમાં પણ બીજુ ભંગાણ પડે તેવી શકયતા નકારાતી નથી. બીજી તરફ ઉદ્ધવ ઠાકરેના સૂર પણ ફરવા લાગ્યા છે અને અમોએ કદી મોદી-ભાજપનો સાથ છોડયો નથી અમો આજે પણ સાથે જ રહેવા તૈયાર છીએ તેવા વિધાનો કરી ભાજપને સંકેત મોકલ્યો છે. માનવામાં આવે છે કે ભાજપ હવે શિંદે જૂથને પણ 'સમાધાન' માટે ફરજ પાડશે. ખાસ કરીને મુંબઈ અને થાણે સહિતના ક્ષેત્રમાં શિવસેનાની જે તાકાત છે તે ભાજપ માટે ચિંતાજનક છે અને તેથી હાલ ઉદ્ધવ ઠાકરેને પણ એનડીએમાં જોડી દેશે.

# દેશભરમાં પેપર લીકની ઘટનાઓને કારણે પાંચ વર્ષમાં ૧.૪૪ કરોડ ઉમેદવારો ભોગ બન્યા

નવી દિલ્હી, તા.૭ : છેલ્લા પાંચ વર્ષમાં પરીક્ષાના પેપર લીક થવાના કિસ્સાઓ પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે આખો દેશ આ રોગથી પીડિત છે. પેપર લીકના મામલા કોઈ એક રાજ્ય કે કોઈ એક રાજકીય પક્ષની સરકાર પૂરતા મર્યાદિત નથી. ઉત્તરમાં જમ્મુ-કાશ્મીરથી લઈને દક્ષિણમાં કર્ણાટક અને તેલંગાણા, પૂર્વમાં આસામથી કર્ણાટક અને પશ્ચિમમાં મહારાષ્ટ્ર સુધીના તમામ રાજ્યોમાં પેપર લીકના કેસ નોંધાયા છે.છેલ્લા પાંચ વર્ષમાં, દેશભરના ૧૫ રાજ્યોમાં લગભગ ૧ કરોડ ૪૦ લાખ અરજદારોની કારકિર્દી આ પેપર લીક કેસનો ભોગ બની છે. આ ૧ કરોડ ૪૦ લાખ અરજદારો અને તેમના પરિવારો વિવિધ રાજ્યોમાં લગભગ ૧ લાખ ૪ હજાર સરકારી નોકરી મેળવવાની આશામાં પોતાનો સમય, સંસાધનો અને શકિત વેડફતા રહ્યા અને પેપર લીક થવાને કારણે પરીક્ષાઓ રદ થતી રહી. ઘણા કિસ્સાઓમાં, આ ઉમેદવારોની રાહ બે થી ત્રણ વર્ષથી વધુ હતી. ઘણા કિસ્સામાં આ રાહ આજે બે વર્ષ પછી પણ ચાલુ છે.

# હવે ઈરાન પણ ભારતીય નાગરીકોને વીઝા વિના પ્રવેશ આપશે

નવી દિલ્હી,તા.૭
ભારતીય પર્યટક હવે વિઝા વિના ઈરાનની યાત્રા કરી શકશે. ઈરાને ભારતીય યાત્રીઓ માટે મુકત વિઝા નીતીની જાહેરાત કરી છે. ઈરાની દૂતાવાસે જણાવ્યું હતું કે ભારતીય નાગરીકો માટે તા.૪ ફેબ્રુઆરીથી ચાર શરતો સાથે વિઝા-મુકત પ્રવેશ શરૂ કરી દીધો છે.

આ વિઝા-મુકત પહેલથી લોકો વચ્ચે સંપર્ક વધવા અને ઈરાન અને ભારત વચ્ચે પર્યટનને પ્રોત્સાહન મળવાની આશા છે. સામાન્ય પાસપોર્ટ રાખનારી વ્યકિતઓને હવે વિઝા વિના ઈરાનમાં પ્રવેશની મંજુરી મળશે પણ તેમાં કેટલાંક પ્રતિબંધ પણ રહેશે. ઈરાનમાં વિઝા વિના એકવાર જવા દેવાયા બાદ બીજી વાર ૬ મહિના બાદ જવા દેવામાં આવશે.

આ સિવાય નવા નિયમ અંતર્ગત ૧૫ દિવસ વિઝા વિના ઈરાનમાં રહી શકાય છે. આ ૧૫ દિવસના સમય ગાળાને વધારી નહિ શકાય. વિઝા એ લોકોને મળશે જે ઈરાનમાં પર્યટનના ઉદેશથી જાય છે.


જો કોઈ ભારતીય નાગરીક લાંબા સમય માટે ઈરાનમાં રહેવાની યોજના બનાવે છે કે ૬ મહિનામાં અનેકવાર આવવા-જવા ઈચ્છે છે તો તેણે અલગથી સંબંધિત વિઝા લેવા પડશે.ઈરાનના વિઝા ભારતમાં મોજુદ તેના દુતાવાસથી મેળવી શકાશે. વિઝામાં છૂટ એ ભારતીય નાગરીકોને લાગુ થશે.જે માત્ર હવાઈ સીમાના માધ્યમથી ઈરાનમાં પ્રવેશ કરશે.

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા..
અગ્રણી બિલ્ડર
કરમણભાઈ ધડુક
મો. ૯૮૨૪૨ ૦૧૬૬૧

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

જમીન વેચવાની છે
ગલીયાવાડ ગામની સર્વે નં.૨૫૩/૩ ની જમીન ૧૦ વિઘા ખેતર કુવો, ૫૦૦ ફૂટ દાર, ઈલે.કનેકશન, ચાર પાકા ઓરડા, બે રસોડા, ગોડાઉન સાથે વેચવાની છે.
મધુરમ- જૂનાગઢ બાયપાસથી નજીક
સંપર્ક : ૬૩૫૪૨ ૬૦૧૯૨
જૂનાગઢ

CMYK CMYK CMYK

# કેશોદ લગ્ન બાદ રક્ષાબંધનનો તહેવાર કરવા જાવ છું તેમ કહી નાગપુર મહારાષ્ટ્રની યુવતી ઘરેણા, કપડા, મોબાઈલ લઈ જતી રહી

## કુલ રૂા.૩,૦૧,૨૩૩ની છેતરપિંડી અને વિશ્વાઘાતની ત્રણ મહિલા સહિત સાત સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ જીલ્લાના કેશોદ ખાતે રોયલ એપાર્ટમેન્ટ નજીક બનેલા એક બનાવમાં નાગપુર મહારાષ્ટ્રની યુવતી લગ્ન બાદ રક્ષાબંધનનો તહેવાર કરવા જાવ છું તેમ કહી ઘરેણા, કપડા, મોબાઈલ વિગેરે લઈ જતી રહ્યાના બનાવ અંગે ત્રણ મહિલા સહિત કુલ સાત સામે છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે કેશોદના એરપોર્ટ રોડ ઉપર પ્રજાપતિ સોસાયટી વાળા અને હાલ રોયલ એપાર્ટમેન્ટ બ્લોક નં-૨૦૨માં રહેતા દુર્ગેશભાઈ મનહરલાલ ધામેચા (ઉ.વ.૩૩)એ ઘનશ્યામભાઈ નારણદાસ નેભવાણી રહે.ગાયત્રી મંદિર સામે કેશોદ, રૂપેશભાઈ મનહરલાલ ધામેચા હાલ રાજકોટ, મનીષ રામેશરાવ વારજુકર રહે.ગંગાભાઈની ચાલની બાજુમાં, ઘાટ ભૂતેશ્વર નગર, મહાલ, પ્રતિનીબેન મનીષભાઈ વારજુકર રહે.ગંગાભાઈની ચાલની બાજુમાં, ઘાટ ભૂતેશ્વર નગર, મહાલ, લલીતા એકનાથ ભાસ્કરે રહે.ગુજરી રોડ, નાગપુર, મહારાષ્ટ્ર, સુરજભાઈ ગણપરાવ નાગપુર, મહારાષ્ટ્ર તેમજ અર્ચનાબેન સુરેશભાઈ નાગપુર, મહારાષ્ટ્ર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧ તથા ૨એ આ કામના ફરિયાદીને લગ્ન કરાવી આપવાની વાત કરી આરોપી નં-૧ તથા ૨એ ફરિયાદીને સાહેદો સાથે નાગપુર મહારાષ્ટ્ર ખાતે લઈ જઈ આરોપી નં-૩ થી ૭ નો સંપર્ક કરાવી તમામ આરોપીઓને મળી આરોપી નં-૫ સાથે સગાઈ કરવાનું નક્કી કરી સગાઈ તથા લગ્ન કરાવી આરોપી નં-૧ થી ૬ એ ફરિયાદી પાસેથી રોકડા તથા આરોપી નં-૫ એ ફરિયાદી પાસેથી રૂા.૯૮૧૫ ના કપડા તથા રૂા.૧૮,૯૯૯નો ઓપો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન તથા રૂા.૨૨૪૨૦ના ઘરેણા લેવડાવી બાદ આરોપી નં-૫ ફરિયાદીના ઘરેથી રક્ષાબંધનનો તહેવાર કરવા જવાનું કહી ફરિયાદીએ લઈ આપેલ ઘરેણા, કપડા, મોબાઈલ ફોન પોતાની સાથે લઈ ફરિયાદીના ઘરેથી જતા રહી બાદ ફરિયાદીના ઘરે પરત નહી આવી તથા તમામ આરોપીઓએ ફરિયાદી પાસેથી સગાઈ તથા લગ્ન માટે અલગ-અલગ સમયે લીધેલ રૂા.૨,૪૯,૯૯૯ તથા આરોપી નં-૫એ ફરિયાદી પાસે લેવડાવેલ ઘરેણા, કપડા, મોબાઈલ ફોન જેની કિ.રૂા.૫૧૨૩૪ના ફરિયાદીને પરત નહી આપી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરિયાદી સાથે રોકડ રકમ તથા ચીજવસ્તુ મળી કુલ કિ.રૂા.૩,૦૧,૨૩૩ની છેતરપિંડી તથા વિશ્વાઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૨૦, ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ ચલાવી રહી છે.

# જૂનાગઢમાં પાંચમી વખત જનરલ નોલેજ લેખિત સ્પર્ધા યોજાઈ



## માનવ સેવા એજ પ્રભુ સેવા નાં સુત્ર ને સાર્થક કરતી સંસ્થા

જૂનાગઢ તા.૭

શ્રી જુનાગઢ ખોડીયાર ગ્રૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા તા. ૦૪।૦૨।૨૦૨૪ ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જુનાગઢ ખાતે ધોરણઃ- ૬ થી કોલેજ સુધી નાં તમામ વિદ્યાર્થીઓની જુનાગઢ શહેર ઓપન પાંચમી વખત જનરલ નોલેજ લેખિત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં માત્ર ૯૭ (સતાણું) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. પરીક્ષા પુરી થયાં બાદ તરતજ પરિણામ તૈયાર કરી સાંજે ઈનામ જાહેર કરી ૧ થી ૬ નંબર નાં વિજેતાઓને પ્રમાણપત્ર, સિલ્વર મેડલ અને ઈનામો આપી સન્માનિત કર્યા હતાં ત્યાર પછી તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપી સન્માનિત કર્યા હતા.


આ કાર્યક્રમમાં જુનાગઢ નાં સામાજીક કાર્યકરો જેમાં દાતાર સેવક બટુકબાપુ, નિસર્ગ નેચર કલબ નાં પ્રમુખ ડૉ.પાર્થભાઈ ગણાત્રા, ભાર્ગવભાઈ માંડલીયા, મિતલબેન રાડા, રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા, વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં તમામ ઉપસ્થિત મહેમાનો એ આ કાર્ય ને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં અલગ અલગ દાતાશ્રીઓનો સહકાર મળ્યો હતો. આ કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થા નાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા એ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં માય મોન્યુમેન્ટ સર્ચનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા.૭

ઈન્ટેક એટલે કે ઈન્ડિયન ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજના જૂનાગઢ ચેપ્ટર દ્વારા આગામી ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ આસપાસ 'માય મોન્યુમેન્ટ સર્ચ' નામે એક કાર્યક્રમ કરવાની આશા છે. આ માટે ૧૦ કે વધારે સ્કૂલમાંથી ૧૦૦ બાળકોની આવશ્યકતા છે. આ બાળકો ધોરણ ૭ થી ૯માં જ અભ્યાસ કરતા જ હોવા જોઈએ . આ સ્પર્ધામાં ભાગ લેનાર બાળકે A3 પેપરની સાઈઝમાં જૂનાગઢ શહેરના ઓછા જાણીતા સ્થળ મંદિર, ગુરુદ્વારા, ચર્ચ, મસ્જિદ, શૈક્ષણિક, સંસ્થા કે અન્ય બિલ્ડીંગ કે સ્થળ ઉપર પોસ્ટર ચીતરવાનું રહેશે. જેને સંબંધિત એક સ્લોગન લખવાનું છે. આ ઉપરાંત A4 ના કાગળ પર ૨૦૦ શબ્દમાં તેની વિગતો લખવાની છે. આ ચિત્ર દોરવાનું અને લખવાનું એક જ સ્થળ પર કરવાનું છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અપાશે. સો રાજ્ય લેવલના વિજેતા અને દસ રાષ્ટ્રીય લેવલના વિજેતાઓને વિશેષ પ્રમાણપત્ર આપવામાં આવશે અને રાષ્ટ્રીય લેવલના વિજેતા ને શૈક્ષણિક ટુર નો લાભ પ્રાપ્ત થશે. આ સ્પર્ધામાં એક એક્સપર્ટ માહિતી માર્ગદર્શન આપશે. આ સ્પર્ધામાં ઈન્ટેક તરફથી ચિત્ર અને લખાણ માટેના પેપર આપવામાં આવશે. પેન પેન્સિલ રંગ વગેરે વિદ્યાર્થીઓએ પોતાના લાવવાના રહેશે. આ કાર્યક્રમ કોઈ સ્કૂલના પરિસરમાં કે હોલમાં કરવામાં આવશે. જે સ્કૂલ પોતાના વિદ્યાર્થીને આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા માંગતી હોય તે વિદ્યાર્થીનું પૂરૂં નામ અને સ્કૂલનું નામ ડો.પ્રદ્યુમ્ન ખાચર (કન્વીનર) મો ૯૮૭૯૪ ૨૧૦૨૫ pkhachar @ gmail.com તેમજ આર્કિ.અમન કોટડિયા (કો કન્વીનર) amg kotadia. arch @gmail.com મો.૯૯૭૯૪ ૧૦૯૯૪ ઉપર મોકલી આપવા એક યાદીમાં જણાવાયું છે.

# ૧૮ વર્ષ ભારતીય આર્મી માં સફળ ફરજ બજાવી દેશની સેવા કરી માદરે વતનમાં આર્મી મેન નું દ્વારકા રેલ્વે સ્ટેશને ભવ્ય સ્વાગત કરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૭

રાજગોર બ્રાહ્મણ સમાજના યુવાન જીતુભાઈ રાજગોર ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સેવા નિવૃત્તિ બાદ ૧૮ વર્ષ બાદ વતન દ્વારકા આવતા દ્વારકા બ્રહ્મ સમાજ,ગ્રામ જનો, નિવૃત્ત આર્મી સંગઠન અને મિત્રો દ્વારા જીતુભાઈ રાજગોર નું દ્વારકા રેલ્વે સ્ટેશને થી જગત મંદિર સુધી ભવ્ય સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જીતુંભાઈ ના માતું શ્રી અને પરિવાર જનો ભાવ વિભોર બન્યા હતા. કાર્યક્રમ અને સ્વાગત બાદ ભારતના આન બાન શાન ના પ્રતિક એવા જીતુભાઈ રાજગોરે તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી

## રાજ્યની સરકારી શાળાઓમા ગ્રંથપાલની ૧૬ જગ્યાઓ ખાલી છે

અમદાવાદ, તા.૭

વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે, જેમાં વિપક્ષ દ્વારા સરકારને વિવિધ સવાલો પણ કરવામાં આવી રહ્યાં છે. જેમાં મહત્વપૂર્ણ વિગતો ધ્યાને આવી કે, સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી છે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાના પ્રશ્ન પર સરકારે જવાબ આપ્યો હતો કે, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૨૩૪૪ શિક્ષકોની જગ્યાઓ ખાલી છેબિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૦,૬૬૯ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૬૭૧ જ્ઞાન સહાયકોની ભરતી કરી છે. જ્યારે બિન સરકારી અનુદાનીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રથમ તબક્કાની ૩૪૬૯ જ્ઞાન સહાયકોની ભરતી કરાઈ છે. વધુમાં કહ્યું કે, બીજા તબક્કામાં જ્ઞાન સહાયકોની ૩૦૭૧ જગ્યાઓ માટે ભરતી પૂર્ણ કરાઈ છે. ધારાસભ્ય હેમંત ખવાના સવાલ પર સરકારે ગ્રંથપાલની ખાલી જગ્યા અંગેનો જવાબ આપ્યો હતો કે, રાજ્યની સરકારી શાળાઓમા ગ્રંથપાલની ૧૬ જગ્યાઓ ખાલી છે. ૬ જગ્યાઓ સરકારી શાળાઓમા ગ્રંથપાલની ભરાયેલ હોવાનો પણ જણાવ્યું હતું. સાથો સાથ વહીવટી અનુકૂળતાએ જગ્યા ભરવાનો લેખિતમાં જવાબ આપ્યો હતો.

# ખંભાળિયામાં સુવ્યવસ્થિત જી.આઈ.ડી.સી.નું નિર્માણ અનિવાર્યઃ મિલર્સ એસોસિએશનની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

જામનગરથી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયાને ૧૦ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. ત્યારે જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં નવું જી.આઈ.ડી.સી. ન બન્યું હોવાથી આ અંગે અહીંના અગ્રણી મિલર્સ એસોસિએશન દ્વારા સરકારી તંત્ર સમક્ષ આ અંગે રજૂઆતો કરવામાં આવી છે. ખંભાળિયામાં હાઈવે ચાર રસ્તા નજીક દાયકાઓ અગાઉના તથા જરૂરી સુવિધા વગરનું જી.આઈ.ડી.સી. કાર્યરત છે. જેમાં આવેલા તમામ પ્લોટો ઉપર કારખાના, મીની ઉદ્યોગો સ્થાપિત થયા છે. ખંભાળિયા શહેર એ જિલ્લાનું મુખ્ય મથક છે અને અહીં મગફળી ઉદ્યોગ, વિવિધ ઓઈલ મિલો, રંધા મશીન, સીંગદાણાના મશીન જેવા મશીનરી ઉદ્યોગો, ડેરી ઉદ્યોગો પણ વ્યાપક પ્રમાણમાં છે. આ તમામ ઉદ્યોગ-ધંધાના વિકાસ માટે ખંભાળિયા શહેર નજીકના વિસ્તારમાં કોઈ ચોક્કસ જગ્યાએ મોટું અને વ્યવસ્થિત જી.આઈ.ડી.સી. બનાવવામાં આવે તો તેનાથી ઉદ્યોગકારોને રાહત સાથે સુવિધા બની રહેશે. સાથે સાથે રોજગારીમાં પણ વધારો થશે. આ મુદ્દે ઉદ્યોગકારો સાથે જિલ્લા તંત્રની તાજેતરમાં યોજાઈ ગયેલી બેઠકમાં અગ્રણી મિલર્સ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ખંભાળિયા શહેર અલગ મુખ્ય મથક બન્યાને ૧૧ વર્ષ થયા છે. પરંતુ ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે તે માટે કોઈ નવું જી.આઈ.ડી.સી. બને તે અંગેની કાર્યવાહી થઈ નથી. આ મુદ્દાને ધ્યાને લઈ અને જિલ્લાનો વિકાસ થાય તે હેતુથી અહીં જી.આઈ.ડી.સી.ના નિર્માણ માટેની રજૂઆત કરવામાં આવી છે.

# ઓફિસ આસિસ્ટન્ટ-જૂનિયર કલાર્કની ભરતીમાં બેઠકોનો વધારો કરાયો

ગાંધીનગર, તા.૭

સ્પર્ધાત્મક ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ઓફિસ આસિસ્ટન્ટની ૧૨ જગ્યા તથા અન્ય કચેરીઓની જુનિયર ક્લાર્કની ૩૪૦ જગ્યા એમ મળીને કુલ ૩૫૨ જગ્યાનો ફરી એકવાર વધારો કરાયો છે. ગૌણ સેવા પસંદગી મંડળની ભરતીમાં જગ્યાઓ કુલ ૫૫૫૪ થઈ છે. અત્રે એક નવી અપડેટ સામે આવી છે કે, જે ઉમેદવારોએ ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ કરેલી છે તેઓને પરીક્ષા ફી ભરવા માટે વધુ બે દિવસ આપવામાં આવ્યા છે. જે ઉમેદવારોની ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ થયેલી છે તે ઉમેદવારો તારીખ ૬ ફેબ્રુઆરી અને ૭ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન પેમેન્ટ કરી શકે છે. જે ઉમેદવારને ફી ભરવામાં મુશ્કેલી જણાતી હોય તો તેઓ મંડળમાં ફોન કરીને અથવા રૂબરૂમાં આવીને માર્ગદર્શન મેળવી શકે છે તેવું પણ જણાવ્યું છેગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-A તથા B)ની જગ્યામાં વધારો કરાયો છે. મંડળ દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સિનિયર ક્લાર્ક સંવર્ગની કુલ ૫૩૨ જગ્યાઓ પૈકી કમાંક-૮ સામેની કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS)ની કુલ ૧ જગ્યા બિનઅનામત (સામાન્ય) તરીકે દર્શાવેલ છે જે બિનઅનામત મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે. જે જગ્યા વધાર્યા બાદ ફરી એકવાર જગ્યામાં વધારો કર્યો છે.

# SVP હોસ્પિટલના કેન્ટીનમાંથી દર્દી માટે મંગાવેલા સૂપમાંથી જીવાત નીકળી

અમદાવાદ, તા.૭

અમદાવાદની AMC સંચાલિત SVP હોસ્પિટલ અનેક વખત વિવાદમાં આવી ચૂકી છે. ત્યારે હવે SVP હોસ્પિટલમાં ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં હોસ્પિટલના દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. દર્દી માટે હોસ્પિટલના કેન્ટીનમાંથી મંગાવવામાં આવેલા સૂપમાં જીવાત નીકળી હતી. જ્યારબાદ હોસ્પિટલ તંત્રની સુવિધાઓ પર સવાલ ઉઠી રહ્યા છે. દર્દીના પરિવારજનોએ હોસ્પિટલના કેન્ટીનનો એક વીડિયો વાયરલ કર્યો છે. જેમાં અન્ય કેટલાક પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા છે. SVP હોસ્પિટલમાં દર્દીના સ્વજને કેન્ટીનમાંથી સૂપ મંગાવ્યું હતું. જેમાં જીવાત નકળી હતી. આ મામલે હોસ્પિટલને રજૂઆત કરાઈ હતી.

# ગુજરાતમાં ૩૦૧૮ બાળકોનું વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું

અમદાવાદ, તા.૭

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા કોકલિયર ઈમ્પ્લાન્ટ અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૩-૨૪ સુધીમાં ૩૦૧૮ બાળકોની વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૧,૧૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સરકાર દ્વારા ૬ વર્ષ સુધીના જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકોને વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી અને સર્જરી બાદ ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર પૂરી પાડવામાં આવે છે. RBSK હેઠળ આરોગ્ય તપાસણી અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ૩.૬૧ લાખથી વધુ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી છે. જે પૈકી ૧૭૪ બાળકોને હૃદય રોગ, ૭૫ બાળકોને કિડની રોગ અને ૪૮ બાળકોને કેન્સર રોગ મળી કુલ ૩૯૭ બાળકોને આ ગંભીર બીમારીઓની સારવાર આપવામાં આવી છે.

### બજેટ મતદારોને આકર્ષિ શકશે ?

(અનુ. પાના ૮નું ચાલુ...)

ભરનારને વધુ ૨ ટકા મળી ૧૨ ટકાની રાહત અપાશે. શહેરમાં જોષીપરા, ખામધ્રોળ, દોલતપરા અને ઝાંઝરડામાં અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરાશે. સાથે ટીંબાવાડી અને ભવનાથમાં ડાયાલીસીસ સેન્ટરો શરૂ કરાશે. જ્યારે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના આધેડને ૧૮ પ્રકારના ટેસ્ટ ઘરબેઠા થઈ શકે તે માટેની શ્રવણકુમાર યોજના ચાલુ છે જેમાં અડધી રાત્રે પણ ફોનકરવાથી સારવાર મળી રહી છે. સફાઈ માટે ૫૦૦ વધુ કર્મીઓની ભરતી કરાશે જેથી સવારે ૬ થી ૨ અને સાંજના ૪ થી રાત્રિના ૧૨ સુધી સફાઈ થઈ શકશે.જૂના કચરાના નિકાલ માટે ૫ ટનની ક્ષમતા સાથેનો લેગેસી વેસ્ટ પ્લાન્ટ કાર્યરત કરાશે. કર ભરનાર દરેકને ભીનો અને સૂકો કચરો અલગ અલગ રાખવા ૧૦-૧૦ લીટરના બે ડસ્ટબિન અપાશે. ડમ્પિંગ સાઈટ ઉપરથી સીએનડી વેસ્ટના નિકાલ માટે ૬૦ લાખના ખર્ચે મશીનરી ફિટ કરાઈ છે. મૃત પશુઓના નિકાલ માટે ઈલેક્ટ્રીક ભઠ્ઠી તૈયાર કરાઈ છે. શહેરને પ્લાસ્ટિક મુક્ત કરવા ૫ સ્થળે થેલા એટીએમ ઉભા કરાશે જ્યાં ૧૦ રૂપિયામાં કાપડની થેલીઓ મળશે. ઈવનગર, ભવનાથ, સાબલપુર અને ઝાંઝરડામાં ૧૬ કરોડના ખર્ચે નવા ફાયર સ્ટેશન બનાવાશે. શહેરને રેલવે ફાટક લેસ કરવા જોષીપરામાં ૫૩.૪૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવાશે. ૨૫ નવી ઈલેક્ટ્રીક બસ મળતા શહેરના ૧૨ રૂટો ઉપર સીટી બસ સેવા શરૂ કરાશે. ૧૮ કરોડના ખર્ચે વાઘેશ્વરી તળાવ અને ૨૦ કરોડના ખર્ચે વિલીંગ્ડન ડેમનો વિકાસ કરાશે. તેમજ ભવનાથ જિલ્લા પંચાયતના મેદાનમાં પાસે ભોળાનાથની પ્રતિમા મૂકાશે, બેસવા માટે બાકડા મૂકાશે. દામોદર કુંડથી પ્રવાસન ગેઈટ સુધીના રોડને સાંસ્કૃતિક અનેઆધ્યાત્મિકતાની દ્રષ્ટિકોણથી વિકસાવી સનાતન પથ બનાવાશે જ્યાં બેસવા, પીવાના પાણીની, ફૂડઝોનની સુવિધા સાથે સેલ્ફી પોઈન્ટ બનાવાશે. ૪ જગ્યાએ યોગ સ્ટુડિયો બનાવાશે. વરસાદી પાણીના બોરમાં સંગ્રહ માટે ૨ કરોડના ખર્ચે કામગીરી કરાઈ રહી છે. ટીપી રિઝર્વ પ્લોટમાં ૧૨.૬૫ કરોડના ખર્ચે ક્રિકેટ સ્ટેડિયમ અને સ્વામિ વિવેકાનંદ ગ્રાઉન્ડ ખાતે ૫ કરોડના ખર્ચે નવું સ્પોર્ટસ કોપ્લેક્સ બનશે. શહેરી ૧૫૭ ફેરિયાઓ માટે ૨ કરોડના ખર્ચે મધુરમ સિટીમોલ પાછળ હોકર્સ ઝોન બનશે. સ્માર્ટ આંગણવાડી માટે ૪ કરોડ, ઝોનલ ઓફિસોના અપગ્રેડ માટે ૬ કરોડ, સોનાપુરી સ્મશાન ખાતે ૨ નવી વિદ્યુત ભઠ્ઠી માટે ૨.૬૩ કરોડ ખર્ચાશે. નવી ગૌશાળા માટે ૬ કરોડ ફાળવાશે. હેરીટેઈઝ બિલ્ડીંગ તરીકે નરસિંહ વિદ્યામંદિરના રિનોવેશન માટે ૧૪ કરોડ, સીસીટીવી લગાવવા ૨ કરોડ ફાળવાશે. ૬ કરોડના ખર્ચે મનપાની કચેરીઓની કામગીરી ઓનલાઈન કરાશે.

વધુમાં જૂનાગઢના પૂર્વ કમિશનરે રજૂ કરેલ બજેટમાં સ્ટેન્ડીંગ કમિટીએ સુધારા વધારા કર્યા હતા. ખાસ કરીને ૩૮ કરોડના વેરા વધારાને સ્ટેન્ડીંગ કમિટીએ રદ કર્યો છે. બાદમાં સ્ટેન્ડીંગ કમિટી ચેરમેને આ બજેટને જનરલ બોર્ડમાં મંજૂરી અર્થે મેયરને સોંપ્યુ હતુ ત્યારે જાણે સ્ટેન્ડીંગ ચેરમેને આપેલા બજેટને મેયર ગીતાબેન પરમારે આંખો વિચીને સ્વીકારી લીધુ હોય તેમ લાગી રહ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૮-૧૯નું મહાનગર પાલિકાનું અંદાજપત્ર રજૂ થયું હતું જેમાં દર્શાવેલા કામો હજુ બાકી છે જે દર વર્ષે બજેટમાં વણી લેવાય છે. વર્ષ૨૦૧૮-૧૯ના બજેટમાં જણાવાયું હતું કે, જોષીપરામાં રેલવે ઓવરબ્રિજ બનાવાશે. વોર્ડ નંબર ૧૪માં નવો ટાઉન હોલ અને કોમ્યુનીટી હોલ બનાવાશે. ઝાંઝરડામાં નવું સ્માશનગૃહ બનાવાશે. દાતાર તળાવ, વાઘેશ્વરી તળાવ, સુદર્શન તળાવને ડેવલોપ કરાશે. મંગલધામ ૧, ૨ અને ૩ને જોડતો પુલ બનશે. સમગ્ર શહેરમાં પીવાના પાણીની લાઈન પહોંચાડાશે. ચિલ્ડ્રન પાર્ક બનાવાશે. સૂકો અને ભીનો કચરો અલગ રાખવા કરદાતાઓને ખાસ પ્રકારની ડસ્ટબિન ફાળવાશે. ભવનાથમાં યાત્રિક ભવન બનશે(જ્યાં હાલ પેશકદમી થઈ ગઈહોવાનું ચર્ચાઈ રહ્યું છે), જોષીપરા અન્ડરબ્રિજથી ખલીલપુર સુધી નવી ગટર બનશે. ટુરિસ્ટ સ્પેસ ડેવલોપ કરાશે. પાર્કિંગ ડેવલોપમેન્ટ સ્કીમ ઉભી કરાશે. ઓફિસમાં પીએસઓ મશીન મૂકી તેમજ ફેસ રેકોગનાઈઝ મશીન દ્વારા મુખ્ય ઓફિસ, ઝોનલ ઓફિસ, ૨૦ વોર્ડમાં તેમજ હસ્નાપુર, આણંદપુર ડેમસાઈટ ઉપર નિયમીત હાજરી પુરાશે. વિશેષમાં કમિશ્નરનું બજેટ ૯૬૭.૫૭ કરોડનું હતું જેમાં રેવન્યુ આવક ૨૫૩.૧૫ કરોડ, કેપીટલ આવક ૭૧૪.૩૯ કરોડ, રેવન્યુ ખર્ચ ૨૫૩.૨૩ કરોડ, કેપીટલ ખર્ચ ૭૧૪.૨૪ કરોડ અને પુરાંત ૯ લાખની હતી. સ્ટેન્ડીંગ કમિટીનું બજેટ ૯૩૭.૦૭ કરોડનું છે જેમાં રેવન્યુ આવક ૨૨૨.૬૫ કરોડ, કેપીટલ આવક ૭૧૪.૩૯ કરોડ, રેવન્યુ ખર્ચ ૨૨૨.૭૯ કરોડ, કેપીટલ ખર્ચ ૭૧૪.૨૪ કરોડ અને પુરાંત ૩ લાખની રહેશે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કેતનકુમાર પ્રવિણભાઈ મારડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કેતનકુમાર પ્રેમજીભાઈ મારડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કેતનકુમાર પ્રેમજીભાઈ મારડીયા**

મુ. અગતરાય, તા. કેશોદ - ૩૬૨૨૨૨

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હરસુખલાલ લવજીભાઈ ભેસાણીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હરસુખભાઈ લવજીભાઈ ભેસાણીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હરસુખભાઈ લવજીભાઈ ભેસાણીયા**

જીન પ્લોટ, બસસ્ટેશન પાસે, ભેસાણ-૩૬૨૦૨૦

# રાજકોટની બી.ટી. સવાણી કિડની હોસ્પીટલનાં ૨૧ વર્ષ પૂર્ણ થતા સમારોહ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૭

સૌરાષ્ટ્રની ખ્યાતનામ બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના સફળતાપૂર્વક ૨૧ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે તારીખ ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ હેમુ ગઢવી હોલમાં એક સમારંભનું આયોજન કરેલ હતું. સમારંભના મુખ્ય મહેમાન રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય રાજકોટ ૭૦)હતા અને આ પ્રસંગે મોલેશભાઈ ઉકાણી (બાન લેબ્સ), અરવિંદભાઈ પટેલ (ફિલ્ડ માર્શલ), કેતનભાઈ મારવાડી (મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિમિટેડ), હરેશભાઈ વોરા (જૈન અગ્રણી), પ્રભુદાસભાઈ પારેખ (શિલ્પા લાઈફ સ્ટાઈલ),ડો. ભરત કાકડીયા (પ્રેસિડેન્ટ આઈએમએ ગુજરાત બ્રાન્ચ) અતિથિ વિશેષ રૂપે હાજર હતા તેમ જ અન્ય મહાનુભાવો, દાતાઓ, ઉદ્યોગપતિઓ, તજજ્ઞ ડોક્ટર્સ, સ્ટાફ તથા દર્દીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારે હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિવેક જોશીએ હોસ્પિટલના ૨૧ વર્ષની ઉપલબ્ધિઓ વિસ્તાર પૂર્વક વર્ણવી. અદ્યતન ડાયાલિસિસ વિભાગ, આધુનિક લેબોરેટરી અને કિડની ટ્રાન્સપ્લાન્ટવિભાગ ખાસ ધ્યાન ખેંચે તેવા રહ્યા. ૨૨માં વર્ષમાં પ્રવેશનિમિત્તે ટૂંકા ગાળામાં ૨૨ કિડની ટ્રાન્સપ્લાન્ટસફળતાપૂર્વક પૂરા કર્યા ની જાણકારી પણ આપેલ. ડો. વિવેક જોશી એ જણાવેલ કે બી. ટી. સવાણી હોસ્પિટલ ગુજરાત અને ભારતમાં નામના ધરાવતું શૈક્ષણિક સંકુલ બની રહ્યું છે જેમાં યુરોલોજી, નેફ્રોલોજી, નર્સિંગ કોલેજ વગેરે જેવી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે. બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ ભારતમાં હોસ્પિટલ માટેની સર્વોચ્ચ ધારાધોરણ એન. એ. બી. એચ. ધરાવતી એકમાત્ર ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ છે. સંસ્થાના હાલના ચેરમેન જયંતીભાઈ ફળદુએ હોસ્પિટલનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ કિડની ટ્વિન ટાવર વિશે માહિતગાર કરેલ અને જણાવેલ કે આ પ્રકારનું વિશ્વભરનું એકમાત્ર બિલ્ડીંગ બનશે જેનો ઉપયોગ હેલ્થ એજ્યુકેશન, કિડનીના રોગોઅને તમામ રોગોનો રોકધામ (પ્રિવેનશન)અને સંશોધન (રિસર્ચ) માટે કરવામાં આવશે જેના માટે ૧૧ કરોડ રૂપિયાનું માતબરપણ મળેલ છે. જયંતીભાઈ એ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અને ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરના આયોજન વિશે પણ જાણકારી આપેલ છે જેમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત લીવર, ફેફસા અને અન્ય અવયવનો ટ્રાન્સપ્લાન્ટ નો વિકાસ કરવામાં આવનાર છે. તદુપરાંત તેમાં બ્રેઈન ડેડ દર્દીઓના અંગદાન અંગે પણ વિશેષ પ્રયાસો કરવામાં આવનાર છે. સંસ્થાના પૂર્વ સ્થાપકચેરમેન ડો. પ્રદીપભાઈ કણસાગરાએ હોસ્પિટલના સ્થાપનાનો વિચાર કઈ રીતે આવ્યો અને તેમાંડો.વલ્લભભાઈકથીરિયા, હસમુખભાઈ સંઘાણી અને અન્યનો સહયોગ ની નોંધ લીધી છે. સમારંભના અધ્યક્ષ રમેશભાઈ ટીલાળાએ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં અભિનંદન આપેલ અને હોસ્પિટલમાં ઉત્થાન માટે અંગત રીતે અમને સરકાર તરફથી મદદની ખાતરી આપેલ. આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણ એવા સાંઈરામ દવેએ ઉપસ્થિત લોકોને મધરાત સુધી પેટ પકડીને મુક્ત મનેહસાવેલા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. વિશાલ ભટ્ટ અને સમગ્ર ટીમેભારે જહેમત ઉઠાવેલ હતી.



# ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મહિલા મોરચા દ્વારા વિવિધ એનજીઓની મુલાકાત લીધી

જૂનાગઢ, તા.૭

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી દીપિકાબેન ચરાડવાની સૂચનાથી જુદી જુદી વિધાન સભાઓમાં મહિલા મોરચા દ્વારા વિવિધ એનજીઓની મુલાકાત લેવામાં આવી હતી જેમાં ૮૬-જુનાગઢ વિધાનસભામાં મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગર મહિલા મોરચા દ્વારા પણ વિવિધ એનજીઓ સાથે ચાય પે ચર્ચાનાં કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢના જુદા જુદા એનજીઓની મુલાકાત મહિલા મોરચા દ્વારા લેવામાં આવી હતી અને ભારત સરકારની વિવિધ ઉપલબ્ધિઓ અને જુદી જુદી યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા.




આ તકે જૂનાગઢ મહાનગર મહિલા મોરચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા, મહામંત્રી ભાવનાબેન વ્યાસ, હમીદાબેન દલ તથા ભાવનાબેન માળીએ તળાવ દરવાજા સ્થિત ગણાત્રા ડેન્ટલ હોસ્પિટલ ખાતે એનજીઓ નિસર્ગ નેચર ક્લબ જૂનાગઢનાં પ્રમુખ ડો.પાર્થ ગણાત્રાની મુલાકાત લીધી હતી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગામી કાર્યક્રમમાં જોડાવા નિમંત્રણ પાઠવ્યું હતું તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

# નિસર્ગ નેચર ક્લબ, ઈનર વ્હીલ ક્લબ તથા નશાબંધી અને આબકારી ખાતાના સયુંકત ઉપક્રમે

## જૂનાગઢમાં વ્યસન મુક્તિ અભિયાન તથા વિનામૂલ્યે ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો





જૂનાગઢ, તા.૭

નિસર્ગ નેચર ક્લબ,જૂનાગઢ, ઈનર વ્હિલ ક્લબ, જૂનાગઢ તથા નશાબંધી અને આબકારી ખાતું જૂનાગઢ દ્વારા સરગવાડા પ્રાથમિક શાળા ખાતે વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત વ્યસન મુક્તિ વિશે નશાબંધી ખાતા ,જૂનાગઢના એસપી મારૂ દ્વારા વિદ્યાર્થીઓને ખુબજ સરસ રીતે વ્યસન ન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા જૂનાગઢના ગણાત્રા ડેન્ટલ હોસ્પિટલના જાણીતા દાંતના સર્જન ડો.પાર્થ ગણાત્રા દ્વારા પાન, માવા, તમાકુ, સિગરેટ વગેરે વ્યસનોથી થતી શારીરિક બીમારીઓ જેમકે મોઢાના તથા ફેફસાના કેન્સર જેવી જીવલેણ બીમારીઓ વિષે માહિતગાર તથા જાગૃત કરવમાં આવ્યા હતા અને વ્યસન ન કરવા વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી અને બધા વિદ્યાર્થીઓનું વિનામૂલ્યે ડેન્ટલ ચેકઅપ કરવમાં આવ્યું હતું. સરસ્વતી સ્કૂલનાં સંચાલક રઘુભાઈ ખીમાણી, સત્યમ સેવા યુવક મંડળનાં મનસુખભાઈ વાજા તેમજ ઈનર વ્હીલ ક્લબના દિપ્તિબેન અમરોલીયા દ્વારા પણ બાળકોને વ્યસનથી દૂર રહેવા તેમજ તેનાથી થતા આર્થિક તેમજ શારીરિક નુક્સાનો વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે નિસર્ગ નેચર ક્લબ જૂનાગઢ દ્વારા સંસ્થાના પ્રમુખ ડો.પાર્થ ગણાત્રાનાં વરદ હસ્તે- સત્યમ સેવા યુવક મંડળ જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ વાજા, સરસ્વતી સ્કૂલના સંચાલક રઘુભાઈ ખીમાણી, ઈનર વ્હીલ ક્લબના પ્રમુખ દિપતિબેન આમરોલીયા, નશાબંધી અને આબકારી ખાતાના એસપી મારૂ તથા સરગવાડા પ્રાથમિક શાળાના આચાર્ય રાવલભાઈને એમની સેવાકિય પ્રવૃત્તિઓને બિરદાવી મોમેન્ટો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ નેચર ક્લબના ડો.પાર્થ ગણાત્રા, ઈનર વ્હીલ ક્લબનાં દિપતિબેન આમરોલીયા, કુમુદબેન ઠાકર, રૂબીનાબેન વિરાણી, પલવીબેન ઠાકર તથા નશાબંધી અને આબકારી ખાતું જૂનાગઢનાં અધિકારીઓ તથા સરગવાડા પ્રાથમિક શાળાના આચાર્ય વિપુલભાઈ રાવલ તેમજ શિક્ષક યોગેશભાઈ ચોકસીએ જહેમત ઉઠાવી હતી.

# આગામી શિવરાત્રીનાં મેળામાં અન્નક્ષેત્ર માટે વધુ પ્લોટ ફાળવા માંગ

## ચુવાળીયા કોળી સમાજના આગેવાનો દ્વારા મનપાનાં પદાધિકારીઓને આવેદનપત્ર અપાયું

જૂનાગઢ, તા.૭

આગામી શિવરાત્રીના મેળામાં અન્નક્ષેત્ર માટે વધુ પ્લોટ ફાળવવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવેલ છે. જૂનાગઢ ભવનાથ તળેટીમાં દર વર્ષે યોજાતા પારંપરિક મહાશિવરાત્રીના મેળામાં ઘણા વર્ષોથી જૂનાગઢ શહેર તાલુકા જિલ્લા અને ગુજરાતભરના ચુવાળીયા કોળી સમાજના કુટુંબો મહાશિવરાત્રીના મેળામાં આવે છે. છેલ્લા ૬૦ વર્ષથી ભવનાથ રીંગ રોડ ત્રિલોકનાથબાપુના આશ્રમ પાસે આવેલ જગ્યાએ ગુજરાતભરના ચુવાળીયા કોળી સમાજના શ્રધ્ધાળુઓ માટે રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવતી પણ ૨૦૧૦માં પેશકદમીના નામ ઉપર લાખો રૂપિયાના ખર્ચ બાંધકામ કરેલી અમારીએ જગ્યા તોડી પાડવામાં આવી હતી આજે એ જગ્યા ઉપર ફક્ત વેલનાથબાપુનું એક નાનું મંદિર આવેલું છે. બાકીની અમારી જગ્યા ખુલ્લી છે.આ મંદિર પાસે અમોએ દર વર્ષે અન્નક્ષેત્ર ચાલુ રાખેલ છે પણ જૂનાગઢ મહાનગરપાલિકાના પ્લોટ વિતરણના જવાબદાર અધિકારીઓ દ્વારા અમારી ખુલ્લી જગ્યા ઉપર અન્ય લોકોને પ્લોટ આપી દેવામાં આવે છે જેથી ગુજરાતભરમાંથી આવતા ચુવાળીયા કોળી સમાજના બાળકો, માતાઓ, ભાઈઓ, બહેનો અને વડીલોને પુરતી સુવિધા આપી શકતા નથી કારણ કે અમારી જગ્યાને સરકારે તોડી નાખી છે ત્યા ખુલ્લી જગ્યા હોય અમારી સાથે અન્યાય કરી ફક્ત એકજ પ્લોટ ફાળવવામાં આવે છે તેના બદલે અમોને ૩ પ્લોટ નંબર (૬૮-૬૯-૭૦) ફાળવવામાં આવે તેવી માંગણી સાથેનું આવેદનપત્ર શ્રી ચુવાળીયા કોળી સમાજ ટ્રસ્ટ - ભવનાથ તથા જુનાગઢ ચુવાળીયા કોળી સમાજના આગેવાનો બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, સમજુભાઈ સોલંકી, કુરજીભાઈ મકવાણા, લક્ષ્મણભાઈ પરમાર, અરજણભાઈ દેત્રોજા, રવજીભાઈ ધોળકિયા, રાયમલભાઈ સિહોરા, જીતેન્દ્રભાઈ રાનેરા દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર અને ડેપ્યુટી મેયરને આપવામાં આવ્યુ છે તેમ શ્રી ચુવાળીયા કોળી સમાજ ટ્રસ્ટ - ભવનાથ જૂનાગઢની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.



# તોડકાંડના એક મહિના પછી પણ ઉના પીઆઇ અને એએસઆઇ બન્ને પોલીસના હાથમાં નથી આવતા કે છાવરવામાં આવે છે ?

## આગોતરા જામીન મળી જાય પછી રજૂ થવાની સંભાવના હોવાની ચર્ચા

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૭

ઊના એબીસી દ્વારા કરવામાં આવેલ નળિયા માંડવી ચેક પોસ્ટ ખાતે કરવામાં આવેલ રેડને એક મહિના પછી પણ ખાખી ખાખીની નજર બહાર ! એ વાત કોયના ગળે ઉતરે એવી સમજાતી નથી અને લોકોમાં ચર્ચાનો વિષય બની ગયેલ કે ઉના પી આઈ નિલેશ ગૌસવામી અને નિલેશ મૈયાએ બંનેના આગોતરા જમીન હાઈકોર્ટમાંથી મળે પછીજ એ સામે આવશે એના અનેક પરિબળો ગળેના ઉતરે એવા દેખાય રહ્યા છે કારણ કે, જો એ બન્ને પકડાય તો બીજા ઘણા જિલ્લા ઉચ્ચ અધિકારીના અને બ્રાન્ચના અધિકારીના નામ ખૂલે તેવી પૂરી પૂરી સંભાવના છે જેના કારણે ખાખી ખાખીને પકડે નહિ તેવી પરિસ્થિતિ દેખાય રહી હોવાની ચર્ચા નહિતરનો જો પોલીસ ધારેને તો કોયના પણ ચપલ પણના ચોરાય તો આ પીઆઈ નિલેશ ગોસ્વામી અને નિલેશ મૈયાની વાત તો બવ દૂરની વાત છે. ગમે તે આરોપીને પોલીસ ગમે ત્યાંથી ગોતિજ લે પરંતુ કોય બીજા ઉચ્ચ અધિકારીના અને કોના કોના હપ્તા પહોંચતા અને કોને કોને આ વાત ખ્યાલ હતો એ બહાર ના આવે એટલે પકડની બહાર રાખેલ હોવાની ચર્ચા એ જોર પકડેલ. ઉનામાં હવે જોવાનું એ છે કે આરોપીને એસીબી પકડે છે કે બીજી કોય બ્રાન્ચ ! કે પછી બંનેને હાઈકોર્ટમાંથી આગોતરા જામીન લઈનેજ આવશે એ આવનારો સમય બતાવશે.

# અદાણી જૂથના શેરમાં શાનદાર તેજી, અદાણી પોર્ટ્સ NSEનો ટોપ ગેનર સ્ટોક !

અમદાવાદ, તા.૭

અદાણી જૂથની વિવિધ કંપનીઓના શેર સ્ટોક માર્કેટમાં શાનદાર તેજી સાથે આગળ વધી રહ્યા છે. NSE માં અદાણી પોર્ટ્સનો શેર ટોપ ગેઈનર બન્યો છે. ડિસેમ્બર ક્વાર્ટરના ઉત્કૃષ્ટ પરિણામો બાદ અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી પોર્ટ્સના શેરમાં મજબૂત વધારો જોવા મળ્યો છે. અદાણી ગ્રીન એનર્જીના શેરમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. બ્રોકરેજ ફર્મ્સ આ સ્ટોકમાં વધુ તેજી જોઈ રહ્યા છે અને તેને ખરીદવાની ભલામણ કરી રહ્યા છે.

અદાણી પોર્ટ્સનો શેર બાવન સપ્તાહની ટોચે પહોંચ્યો છે. દેશના સૌથી મોટા પ્રાઈવેટ પોર્ટ ઓપરેટર અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) નો શેર બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ૨ ફેબ્રુઆરીએ NSE પર આ શેરમાં રૂા. ૪૩.૬૫ (૩.૫૮%) નો વધારો થયો હતો, છેલ્લા એક વર્ષમાં અદાણી પોર્ટે તેના રોકાણકારોને ૧૩૧.૪૬% વળતર આપ્યું છે. માર્કેટ એક્સપર્ટ્સ માનવું છે કે અદાણી પોર્ટ્સમાં સારી ગતિ જોવા મળી રહી છે અને આગામી દિવસોમાં ૧૩૦૦નો ભાવ જોવા મળી શકે છે. અદાણી પોર્ટ્સના શેરમાં બ્રોકરેજ ફર્મ જેફરીઝે રેટિંગ જાળવી રાખ્યું છે. જેફરીઝનો અભિપ્રાય છે કે જો વર્તમાન

## APSEZનો શેર ઉપર સપ્તાહની સર્વોચ્ચ સપાટીએ

પરિસ્થિતિ યથાવત રહેશે, તો કંપની રૂા૨૫માં ૫૦૦ વોલ્યુમના આંકને વટાવી શકે છે. એટલું જ નહીં, કંપની રૂા.૨૫ સુધીમાં ૩૦% થી વધુ બજાર હિસ્સો હાંસલ કરી શકે છે. આ સાથે ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ)નો નફો ૬૫.૨૨ ટકા વધીને રૂા. ૨,૨૦૮.૨૧ કરોડ થયો છે. વેન્ચુરા સિક્યોરિટીઝે અદાણી એનર્જીના શેરમાં ઉછાળાની આગાહી કરી છે. ફર્મે અદાણીની એનર્જી કંપનીના આ શેર પર ૧,૮૮૯ રૂપિયાનો ટાર્ગેટ રાખ્યો છે અને તેના માટે રેટિંગ આપ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં અદાણી ગ્રીન એનર્જીના સંકલિત ચોખ્ખો નફો ૧૪૮ ટકાથી વધીને ૨૫૬ કરોડ રૂપિયા થયો છે. ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી ટોટલ ગેસ લિમિટેડ, અદાણી વિલ્મર લિમિટેડ, અદાણી એનર્જી સોલ્યુશન્સ, અદાણી ગ્રીન એનર્જી, અદાણી પાવરના શેરમાં પણ લગભગ ૧ ટકાનો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર)માં અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL)નો ચોખ્ખો નફો બમણાથી વધુ વધીને રૂા.૧,૮૮૮ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂા. ૮૨૦ કરોડ હતો. ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં કંપનીની ઓપરેટિંગ આવક સાત ટકા વધીને રૂા.૨૮,૮૨૭ કરોડ થઈ છે. નિષ્ણાતોનું માનીએ તો, ગૌતમ અદાણીનું રિન્યુએબલ એનર્જીમાં રોકાણ ભારતને ઓઈલ અને બેન્ચમાર્ક સૂચકાંકો પરની તેની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે. વળી સેન્સેક્સ અને નિફ્ટીની ઓલટાઈમ હાઈ ઊંચાઈ અદાણી જૂથ સહિત દેશના અર્થકારણ માટે પણ લાભકારી સાબિત થશે.

# આગામી ૧૦મીએ યોજાશે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ નવનિર્મિત આવાસોનો લોકાર્પણ કાર્યક્રમ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૭

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ નવનિર્મિત આવાસોનો લોકાર્પણ અંગેનો કાર્યક્રમ સમગ્ર રાજ્ય સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા.૧૦/૨/૨૦૨૪ના રોજ યોજાનાર છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ કાર્યક્રમની તૈયારીની સમીક્ષાના ભાગરૂપે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા.૧૦/૨/૨૦૨૪નાં રોજ ખંભાળિયા તથા દ્વારકા ખાતે આવાસ લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ સંદર્ભે આવાસના લાભાર્થીઓની યાદી, લોકાર્પણ, કાર્યક્રમના સ્થળે લાભાર્થીઓને લાવવા લઈ જવાની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની



આનુસાંગિક બાબતો અંગે સમિક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.ડી.ધાનાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક પૃથ્વીરાજસિંહ ગોહિલ, સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

## પત્નીની આદતથી નારાજ પતિ ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર પહોંચ્યો

# બ્રશ કરવાનું બંધ નહીં કરે તો હું તને છૂટાછેડા આપી દઈશ

નવી દિલ્હી, તા.૭

આગ્રામાં એક વિચિત્ર ઘટના સામે આવી છે, જેમાં એક પતિએ ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટરમાં ફરિયાદ નોંધાવી છે કે તેની પત્ની સતત દાંત સાફ કરતી રહે છે. દાંત સાફ કરવાની આદત સંબંધ તૂટવાની અણી પર પહોંચી ગઈ છે. પત્ની છેલ્લા બે મહિનાથી માતાના ઘરે રહે છે અને સંબંધ છૂટાછેડા સુધી પહોંચી ગયો છે પરંતુ પત્ની દાંત બ્રશ કરવાની આદત છોડવા તૈયાર નથી. જ્યારે પતિ ઈચ્છે છે કે પત્ની દાંત સાફ કરવાની ખરાબ આદત છોડી દે અને પરિવારનું ધ્યાન રાખે, તો પત્ની કોઈપણ કિંમતે દાંત સાફ કરવાની આદત છોડવા માંગતી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટૂથપેસ્ટનો એક અલગ પ્રકાર છે, જેને સતત દાંત પર ઘસવાથી આદત બની જાય છે. આ ટૂથપેસ્ટમાં કેટલાક નશીલા પદાર્થ હોય છે, જેના કારણે તે આદત બની જાય છે. તેમના લગ્નને માત્ર ૮ મહિના જ થયા છે અને સ્થિતિ છૂટાછેડા સુધી પહોંચી ગઈ છે. પત્નીની દાંત સાફ કરવાની આદતથી પતિ એટલો નારાજ થઈ ગયો કે તે ફરિયાદ સાથે ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટરમાં ગયો અને તેની પત્નીની દાંત સાફ કરવાની ખરાબ આદતથી છૂટકારો મેળવવા વિનંતી કરી. પત્ની છેલ્લા બે મહિનાથી તેના મામાના ઘરે રહે છે, પતિએ કહ્યું છે કે જો તે દાંત સાફ કરવાની ખરાબ આદત નહીં છોડે તો તે તેને છૂટાછેડા આપી દેશે. તમને જણાવી દઈએ કે આગ્રાના ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટરમાં આવો જ એક મામલો પહોંચ્યો છે, જેમાં પતિ દ્વારા એક અરજી આપવામાં આવી છે કે તેની પત્ની સતત દાંત સાફ કરતી રહે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# વિશ્વાસથી ભરપુર સંતુલિત બજેટ : પ્રસંશાને પાત્ર

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલ વચગાળાના બજેટને જોઈને કોઈ એ આરોપ ન લગાવી શકે કે સરકારે પૂર્ણ બજેટ અને વચગાળાના બજેટ વચ્ચેની પાતળી રેખા ભૂંસવાનો પ્રયાસ કર્યો. વચગાળાનું બજેટ પોતાની પ્રકૃતિને અનુરૂપ જ રહ્યું. ચૂંટણી વર્ષ હોવા છતાં સરકાર કોઈપણ પ્રકારની મોટી લોકરંજક જાહેરાત કે કોઈ ‘રેવડી’ આપવાથી દૂર રહી. સરકારે એક પ્રકારે રાજકીય જોખમ લેતાં નાણાંકીય અનુશાસનનો પરિચય આપ્યો. જો એક લીટીમાં વ્યાખ્યા કરીએ તો ચૂંટણીલક્ષી રેવડીથી મુક્ત આ વચગાળાનું બજેટ મોંઘવારીના દબાણને નિયંત્રિત કરતાં દીર્ઘકાલીન વૃધ્ધિને પ્રોત્સાહન આપનારૂ છે. કેટલાક વૈશ્વિક અને ઘરેલુ કારણોથી મોંઘવારીનું જે દબાણ હજુ પણ બનેલું છે, તેનું વચગાળાના બજેટમાં ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથે જ ઉત્પાદકતાને વધારનારી એવી કેટલીય જોગવાઈઓ કરવામાં આવી છે, જે દીર્ઘકાલીન આર્થિક વૃધ્ધિને જરૂરી ગતિ પ્રદાન કરવામાં સક્ષમ અને પ્રભાવી સાબિત થઈ શકે છે.

આર્થિક મોરચે આ સમયે રહેલા કેટલાય પડકારો છતાં સરકાર પોતાના ખજાનાનું સ્વાસ્થ્ય સારું રાખવામાં સફળ રહી છે. બજેટ અનુમાનમાં રાજકોષીય ખાધ જીડીપીના ૫.૯ ટકાના દાયરામાં રાખવાનું લ-ય નક્કી કરવામાં આવ્યું હતું, જે સંશોધિત અનુમાનમાં ૫.૮ ટકા રહ્યું. આગામી નાણાંકીય વર્ષ માટે નાણાંમંત્રીએ તેને જીડીપીના ૫.૧ ટકા રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે, જે દર્શાવે છે કે સરકાર રાજકોષીય અનુશાસન સાથે કોઈ સમજૂતી નથી કરી રહી. અહીં એ ઓર પ્રશંસનીય છે કે સરકારે મૂડીગત ખર્ચમાં કપાત કર્યા વિના જ નુકસાન ઘટાડવામાં સફળતા મેળવી છે અને આગળ પણ મૂડીગત ખર્ચમાં વધારાનું વલણ યથાવત રાખવાની પ્રતિબદ્ધતા દેખાડી છે. સ્પષ્ટ છે કે સરકારે એક પ્રકારે બિનઉત્પાદક રાજસ્વ ખર્ચને ઘટાડીને જ નુકસાન પર અંકુશ લગાવ્યો છે. સરકારી ખજાનાની બહેતર સ્થિતિમાં કર આવકમાં સતત તેજીનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યં. ચાલુ નાણાંકીય વર્ષમાં સરકારે અનુમાનથી ૭૬,૦૦૦ કરોડ રૂપિયાની વધુ કર આવક મેળવી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ નાણાંકીય વર્ષ માટે અનુમાનિત જીડીપી વૃધ્ધિ દર ૧૦.૫ ટકા આંકવામાં આવી હતી, પરંતુ તે ૮.૯ ટકા રહી. એટલે કે અનુમાનિત જીડીપીમાં સંકુચન છતાં કર સંગ્રહે ઝડપ પકડી છે તો આ મોટી ઉપલબ્ધિ ગણવામાં આવશે. કરોના સ્તર પર વસ્તુ અને સેવા કર એટલે કે જીએસટીમાં તો પહેલેથી જ તેજીનું વલણ છે, પરંતુ કર રાજસ્વમાં વધારામાં પ્રત્યક્ષ કરોનું પણ ભારે યોગદાન રહ્યું. જીએસટીને કારણે જ્યાં કર વ્યવસ્થા કેટલાય અર્થમાં સુસંગત થઈ છે તો કરચોરી અને લીકેજને રોકવાના કેટલાય રસ્તા બંધ થવાની અસર પણ કરસંગ્રહ પર સ્પષ્ટ દેખાય છે. ડિજિટલીકરણના સ્તર પર થઈ રહેલ વ્યાપક પ્રયાસોએ પણ પોતાનો પ્રભાવ દેખાડ્યો છે.

નાણાંકીય રીતે અનુશાસિત રહેતાં પણ સરકારે કલ્યાણકારી રાજ્યની ભૂમિકા સાથે ન્યાય કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે. આ સમયે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સુસ્તી કોઈથી છૂપી નથી. તેને મુશ્કેલીમાંથી ઉગારવા માટે સરકારે સીધા કોઈ પ્રકારની મદદ કે રેવડી આપવાને બદલે તાર્કિક રૂપે સંસાધનોની ફાળવણી કરી છે. આ મોરચે કોઈ પ્રકારની સીધી મદદથી અર્થવ્યવસ્થામાં ફુગાવાનું દબાણ પેદા થવાનું જોખમ વધી જતું. એવામાં સરકારે વડાપ્રધાન ગ્રામ સડક યોજના અને મનરેગા જેવી એ યોજનાઓ માટે ફાળવણી વધારી છે, જેનાથી ઉત્પાદક કાર્યોને પ્રોત્સાહન મળવાની સાથે જ રોજગાર સર્જન પણ થશે. એનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને ભારે રાહત મળશે. આ પ્રકારે શહેરી મધ્યમ વર્ગને તો સીધી રાહત ભલે ન આપવામાં આવી હોય, પરંતુ આવાસ યોજનાનો દાયરો વધારીને શહેરમાં ઘર લેવાના લોકોના સપનાને આધાર આપ્યો છે. શહેરોમાં મોટી સંખ્યામાં ભાડાના ઘરમાં રહેનારા લોકો માટે આ મહત્ત્વાકાંક્ષી યોજના છે. વચગાળાના બજેટના માધ્યમથી સરકારે દર્શાવ્યું છે કે ઉદ્યમિતાને ઉત્તેજન આપવા માટે તે કઈ હદ સુધી કમર કસી રહી છે. જોકે ભવિષ્ય હવે ટેકનિક આધારિત અને નવાચાર કેન્દ્રિત ઉદ્યમોનું છે તો એ દષ્ટિકોણથી શોધ અને વિકાસ એટલે કે આરએન્ડડી માટે એક લાખ કરોડ રૂપિયાના કોષની પહેલ બહુ પ્રશંસનીય પગલું છે. એનાથી જ્યાં યુવાઓની ઊર્જાનો અપેક્ષિત રૂપે ઉપયોગ થશે તો ઉદ્યમિતાના નવા આયામ સ્થાપિત થવાની સંભાવના છે.

અનિશ્ચિત આંતરરાષ્ટ્રીય પરિદૃશ્યએ આ સમયે આર્થિક અનિશ્ચિતતાઓને ઉત્તેજન આપ્યું છે. રશિયા-યુક્રેન યુધ્ધ અટકવાના કોઈ અણસાર નથી દેખાતા, ત્યારે પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે સંઘર્ષનો નવો મોરચો ખૂલી ગયો. હવે લાલ સાગરમાં તણાવ ભડકેલો છે. તેણે વૈશ્વિક પૂરવઠા શૃંખલાનાં સમીકરણો બગાડી દીધાં છે. આવા મુશ્કેલ સમયમાં ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિતિ અપેક્ષાકૃત બહેતર કહી શકાય. વચગાળાના બજેટના સંકેત એ જ દર્શાવે છે કે સરકાર આર્થિક અનુશાસનનું કડકાઈથી પાલન કરવા પ્રતિબદ્ધ છે. એવામાં આગામી નાણાંકીય વર્ષમાં અનુમાન છે કે જીડીપી ૬.૪ ટકાનો વૃધ્ધિદર નોંધાવવામાં સફળ રહેશે. હાલના પરિદૃશ્યમાં આ વૃધ્ધિ સારી જ કહી શકાય. જોકે આ વચગાળાનું બજેટ જ હતું એટલે સરકારે નીતિગત મોરચે વધુ મોટાં પગલાં નથી ભર્યાં, પણ એવા કેટલાક સંકેત આપ્યા છે કે જો તે ફરીથી સત્તામાં આવે છે તો જુલાઈમાં આવનારા પૂર્ણ બજેટની તસવીર કેવી હશે. જુલાઈમાં આવનારા પૂર્ણ બજેટમાં કેટલાક એવા સુધારા આકાર લેવાની સંભાવના દેખાઈ રહી છે, જે ખાનગી રોકાણને ગતિ આપવામાં ઉત્પ્રેરકની ભૂમિકા નિભાવે. વચગાળાના બજેટનું સમગ્રતામાં આકલન કરીએ તો નાણાં મંત્રીએ મુશ્કેલ માહોલમાં પ્રભાવી સંતુલન સાધવાનું કામ કર્યું છે. ચૂંટણી વર્ષ હોવા છતાં મફત રેવડીઓ અને લોકરંજકવાદનો મોહ ન રાખ્યો. એવાં પગલાં ન ભર્યાં જેનાથી મોંઘવારીના પહેલેથી જ ચાલતા દબાણને વધુ તાકાત મળે. એકંદરે વર્તમાન પરિસ્થિતિઓમાં આ એક વ્યાવહારિક વચગાળાનું બજેટ કહી શકાય, જેના માટે નાણાંમંત્રી પ્રશંસાને પાત્ર છે.

# રાજકોટ સિવિલનો મેડિકલ સ્ટોર વિવાદમાં આવ્યો

રાજકોટ, તા.૭

રાજકોટ સિવિલ હોસ્પિટલ વધુ એક વખત વિવાદમાં સપડાઈ છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા મેડિકલ બાબતે છેલ્લા નવ વર્ષથી ટેન્ડર જ બહાર ન પાડવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી છે. વર્ષ ૨૦૧૨માં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જે ટેન્ડરની મુદત ૩ વર્ષની હતી. ૨૦૧૫ માં ટેન્ડર પૂર્ણ થઈ ચૂક્યું હોવા છતાં છેલ્લા નવ વર્ષથી કોઈપણ જાતનું ટેન્ડર સિવિલ હોસ્પિટલના સતાધીશો દ્વારા કરવામાં ન આવ્યું હોવાનું વિગતો સામે આવી હતી. રાજકોટ શહેર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલના રહેલું સુવિધા મેડીકલ સ્ટોર પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભ કથીરીયાનાભાઈ છગન કથીરિયા દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. તેમજ સિવિલ હોસ્પિટલ દ્વારા વાર્ષિક ૮૦ લાખથી વધુની દવા મેડિકલ માંથી ખરીદ કરવામાં આવે તેવી વિગતો સામે આવી છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સુવિધા મેડિકલના વિવાદના મામલે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ રાધેશ્યામ ત્રિવેદીનું નિવેદન સામે આવ્યું છે. મીડિયા સાથેની વાતચીતમા રાધેશ્યામ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીમાં ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૦ વગર ટેન્ડર પ્રક્રિયા એક વખત હાથ ધરવામાં આવી હતી જોકે ટેન્ડર પ્રક્રિયામાં માત્ર બે જ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. જે તે સમયે કમિટી દ્વારા નક્કી કર્યા મુજબ મેડિકલ નું ટેન્ડર પાસ કરવામાં આવ્યું હતું. ત્યારે સુવિધા મેડિકલ માંથી કેટલી દવાનો જથ્થો ખરીદ કરવામાં આવે છે તે અંગે સિવિલ સુપ્રીટેન્ડન્ટ કોઈપણ જાતનો આંકડો બોલવાનું ટાળ્યા હતા.

આમ, સિવિલ સુપ્રિટેન્ડેન્ટની વાત પરથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે, વર્ષ ૨૦૧૫ થી લઈ ૨૦૨૦ સુધી એક પણ જાતનું ટેન્ડર પ્રક્રિયા નથી આવી. તેમજ વર્ષથી લઈ અત્યાર સુધી પણ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં નથી આવી. હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલની અંદર આવેલી સુવિધા મેડિકલ વગર ટેન્ડરે કમીટી દ્વારા યથાવતો રાખવામાં આ વ ૧ છે.. પરંતુ સવાલ એ છે કે મેડિકલમાં મોટી દવાઓ બહારથી મંગાવવામાં આવતી હોવાથી તે જ મેડિકલમાં કેમ ખરીદવામાં આવે છે તે મોટો સવાલ ઉદભવી રહ્યો છે.

# રાજકોટમાં મોતિયાના ઓપરેશન બાદ દર્દીની દ્રષ્ટિ છીનવાઈ

**ઓપરેશન બાદ જ્યારે દર્દીએ આંખ ઉઘાડી તો દ્રષ્ટી જ ગાયબ થઈ ગઈ : ડોક્ટરની બેદરકારીના આક્ષેપ કરાયા**

રાજકોટ, તા.૭

જીવ બચાવનારા તબીબોને આમ તો ભગવાનનો દરજ્જો આપવામાં આવે છે. કોઈ પણ બિમાર હોય તો સારવાર માટે ડોક્ટર પાસે દોડે છે. પરંતુ કેટલાક બેદરકાર તબીબોના પાપે હવે દવાખાનામાં જતા દર્દીઓને સારવાના બદલે મળી બીમારી મળી રહી છે. કોણ છે આ બેદરકાર તબીબો અને કેવી રીતે દર્દીઓને પડી રહી છે.

સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી એકવખત વિવાદમાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અંધાપાકાંડના આક્ષેપ લાગ્યા છે. માનસુ મકવાણા નામના વ્યક્તિ મોતિયાના ઓપરેશન માટે સિવિલમાં આવ્યા હતા. જેમનું મંગળવારે મોતિયાનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. પરંતુ ઓપરેશન બાદ જ્યારે દર્દીએ આંખ ઉઘાડી તો દ્રષ્ટી જ ગાયબ થઈ ગઈ હતી. દર્દીને દેખાવાનું બંધ થતા ડોક્ટરની બેદરકારીના આક્ષેપ કરવામાં આવ્યા છે.

જો કે વિવાદ થતા દર વખતની જેમ ફરી એક વખત તંત્ર પોતાનો લૂલો બચાવ કરવા મેદાને આવી ગયું. પરિવારજનોએ સિવિલમાં પહોંચી સવાલ કર્યા તો સ્ટાફે કહ્યું ઓપેરશનમ સમયે પૂરતા સાધન નહોંતા. જ્યારે સિવિલ સુપ્રિટેડન્ટે કહ્યું કે આંખના ઓપરેશનમાં કોમ્પ્લિકેશન થતી જ હોય છે.

છતા કોઈની બેદરકારી હશે તો તપાસ બાદ કાર્યવાહી કરીશું.

# રિયાધના વર્લ્ડ ડિફેન્સ એક્સપોમાં ૭૫ દેશાએ ભાગ લીધો

(જી.એન.એસ),તા.૦૭

સાઉદી અરેબિયાના રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં સાઉદી સાથે અન્ય ૭૫ દેશોએ ભાગ લીધો છે. સાઉદીના રક્ષા મંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વતી રવિવારે આ વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોની આ બીજી આવૃત્તિ હતી, જે તેના ઘણા સાંસ્કૃતિક કેન્દ્રો માટે જાણીતું છે.

દુબઈ કિંગ સલમાનના આશ્રય હેઠળ આયોજિત આ કાર્યક્રમનું આયોજન જનરલ ઓથોરિટી ફોર મિલિટરી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ આ શો ૮ ફેબ્રુઆરી સુધી ચાલશે. સાઉદી સંરક્ષણ ઉદ્યોગ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની દિશામાં આ કાર્યક્રમને એક મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવી રહ્યું છે.જેમાં ૭૫ થી વધુ દેશોએ ભાગ લીધો છે. પ્રિન્સ ખાલિદ બિન સલમાન, સંરક્ષણ પ્રધાન, આ પ્રદર્શનની મુલાકાત લીધી, જેમાં ૭૫ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૭૭૩ થી વધુ પ્રદર્શકો તેમજ સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રની સંખ્યાબંધ સરકારી સંસ્થાઓ અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ હાજરી આપી હતી. તેઓએ પ્રદર્શન વિસ્તારમાં એરિયલ ડિસ્પ્લે, સ્ટેટિક એરક્રાફ્ટ ડિસ્પ્લે અને ગ્રાઉન્ડ સાધનો પણ જોયા. આ ખાસ અવસર પર બોલતા, GAMI ગવર્નર અહેમદ અલ-ઓહાલીએ કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિકીકરણ દર વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪ ટકાથી વધીને ૧૩.૬ ટકા થઈ ગયો છે. સાઉદી કિંગડમને દેશના નેતૃત્વ દ્વારા આપવામાં આવેલા વિશાળ સમર્થનનો લાભ મળી રહ્યો છે. પરમિટની વાત કરીએ તો ૨૬૫ કંપનીઓ માટે બેઝિક પરમિટ અને લાયસન્સની સંખ્યા ૪૭૭ પરમીટ પર પહોંચી ગઈ છે.

અલ-ઓહાલીએ વધુમાં જણાવ્યું હતું કે જીડીપીમાં ક્ષેત્રનું યોગદાન ૨૦૩૦ સુધીમાં અંદાજે ઈ૨૫ બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે, જેમાં કુલ ૪૦,૦૦૦ સીધી નોકરીની તકો અને ૬૦,૦૦૦ પરોક્ષ નોકરીની તકો છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે સંરક્ષણ અને સુરક્ષા ઉદ્યોગના નિષ્ણાતો, ઉત્પાદકો અને નિર્ણય લેનારાઓ માટે આ એક્સ્પો વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેના લશ્કરી દળોને વૈશ્વિક પ્લેટફોર્મ આપવા માટે, સાઉદી અરેબિયાના રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સાઉદી રક્ષા મંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વતી રવિવારે આ વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સંરક્ષણ અને સુરક્ષા ઉદ્યોગના નિષ્ણાતો અને ઉત્પાદકો માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે આ એક્સ્પો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# ભારતમાં ૨૦૨૩માં ૭૧ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું

નવી દિલ્હી, તા.૭

ભારત વિદેશી રોકાણ માટેનું વૈશ્વિક સ્તરે મોટું કેન્દ્ર બની રહ્યું છે. ૨૦૨૩માં ભારતમાં ૭૧ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું હતું. થોડા સમય પહેલાં જ જારી થયેલા આંકડા પ્રમાણે ભારતમાં ગત વર્ષે વિદેશી રોકાણ તેના પહેલાના વર્ષની સરખામણીએ ઘટયું હતું છતાં વિશ્વના અન્ય દેશોના પ્રમાણમાં તે ઘણું વધારે છે. સીધા વિદેશી રોકાણ અંગે અભ્યાસ કરતી એક આંતરરાષ્ટ્રીય એજન્સી અહેવાલ પ્રમાણે સીધા વિદેશી રોકાણ મુદ્દે ભારત વિશ્વના ટોચના ૧૦ દેશોમાં ૧૦મા ક્રમે આવે છે. વૈશ્વિક સ્તરે બદલાતા આર્થિક પરિબળોમાં ભારતની ગણતરી થવા લાગી છે. એસ એન્ડ પી ગ્લોબલ દ્વારા ભારતીય રિઝર્વ બેંક સાથે મળીને દેશના વિદેશી રોકાણના ૨૦ વર્ષના સફર ઉપર એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે, ૨૦૦૦ની સાલમાં ભારતમાં માત્ર ૨.૨ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું હતું તેની સરખામણીમાં અત્યારે બે દાયકા બાદ વિદેશી રોકાણનો આંકડો ૭૧ અબજ ડોલર પહોંચી ગયો છે. જાણકારોના મતે ભારતની બદલાયેલી આર્થિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિને પગલે વિશ્વભરમાં તેની ગણના મોટા દેશોમાં થવા લાગી છે. ખાસ કરીને સાઉથ એશિયા ક્ષેત્રમાં ભારત મજબૂત રીતે વિકસી રહેલો દેશ બની ગયો છે. ભારતમાં વિદેશી રોકાણમાં સતત ચડાવ ઉતાર જોવા મળ્યા છે. ખાસ કરીને ૨૦૦૦ની સાલથી ૨૦૧૪ સુધી તેવું વધારે જોવા મળ્યું છે. ત્યારપછીના છેલ્લાં એક દાયકામાં પહેલી વખત ૨૦૨૩માં ડાઉનફોલ આવ્યો હતો. સૌથી વધારે એફડીઆઈ ૨૦૨૧ અને ૨૦૨૨માં જોવા મળી હતી. ૨૦૨૧માં ૮૨ અબજ ડોલર જયારે ૨૦૨૨માં ૮૪.૮ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું હતું. ગત વર્ષ કરતા આ વર્ષે ૧૩ અબજ ડોલરનો ઘટાડો જોવા મળ્યો છે. તેમ છતાં સરેરાશ જળવાઈ રહી છે. જાણકારોના મતે યુપીએ સરકાર કરતા ભાજપ સરકારમાં વિદેશી રોકાણ બમણું થઈ ગયું છે. હાલમાં ભારતમાં થતા વિદેશી રોકાણમાં મહારાષ્ટ્ર મોખરે છે જ્યારે કર્ણાટક બીજા અને ગુજરાત ત્રીજા ક્રમે આવે છે. વિશ્વની છેલ્લાં પાંચ વર્ષમાં બદલાયેલી જીયોપોલિટિકલ અને ઈકોનોમિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ઘણા ફેરફારો આવ્યા છે. તેના પગલે જ મલ્ટિનેશનલ કંપનીઓ દ્વારા સુરક્ષિત આર્થિક રોકાણ માટે ભારત તરફ દોટ મુકવામાં આવી છે. છેલ્લાં એકાદ-બે વર્ષમાં મોટાપાયે વિદેશી રોકાણમાં ચડાવ ઉતાર જોવા મળ્યા છે છતાં ભારતમાં વિદેશી રોકાણ વધ્યું છે. અહેવાલ પ્રમાણે ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં ભારતમાં ૫૯૬ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું છે જે ૨૦૦૫થી ૨૦૧૪ સુધી દેશમાં થયેલા વિદેશી રોકાણ કરતા બમણું છે. જાણકારોના મતે ભારતની વિવિધ યોજનાઓ અને સરકાર દ્વારા એફડીઆઈ નીતિ મુદ્દે થઈ રહેલા સતત નિરિક્ષણને પગલે સુધારો જોવા મળી રહ્યો છે અને વિદેશી કંપનીઓ આકર્ષાઈ છે. ભારત સરકારની પીએલઆઈ સ્કીમ કે જે મેડિસિન, ફૂડ પ્રોસેસિંગ અને મેડિકલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં મોટાપાયે અસર કરી રહી છે તેને હકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. જાણકારો એવું પણ માને છે કે, ૨૦૨૩માં ભારતમાં એફડીઆઈમાં જે ઘટાડો આવ્યો તેની પાછળ સિંગાપુર, અમેરિકા અને બ્રિટનના વાસ્તવિક જીડીપીમાં થયેલા સુધારાની પણ અસર હોઈ શકે છે. ભારતના વિદેશી રોકાણ ઉપર નજર કરીએ તો ૧૯૯૧માં જે આર્થિક સુધારા આવ્યા ત્યારથી એક દાયકા સુધી એટલે અંદાજે ૨૦૦૦-૨૦૦૧ સુધીમાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો. ૨૦૦૦ની સાલમાં ૨.૨ અબજ ડોલર જયારે ૨૦૦૧માં ૪ અબજ ડોલર વિદેશી રોકાણ આવ્યું હતું. ત્યારપછીના વર્ષે આંકડો ૬ અબજ ડોલર પહોંચ્યો અને પછી બે વર્ષ તેમાં ઘટાડો આવી ગયો. ૨૦૦૫માં માઈક્રોસોફ્ટ દ્વારા ભારતમાં તબક્કાવાર આગામી ચાર વર્ષ સુધીમાં ૨ અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરાઈ અને તે વર્ષે ફરી વિદેશી રોકાણ વધ્યું. આ વધારો ૨૦૧૩માં ૩૪.૩ અબજ ડોલર સુધી પહોંચી ગયો. સરેરાશ વૈશ્વિક પરિસ્થિતિની સરખામણીએ આ વધારો કે સુધારો ખાસ મોટો નહોતો પણ ભારત માટે ખૂબ જ જરૂરી હતો. ૨૦૧૪માં દેશમાં રાજકીય સત્તા પલટો આવ્યા બાદ એમેઝોન દ્વારા ૨ અબજનું રોકાણ કરાયું અને ૨૦૧૬માં બીજા ત્રણ અબજના રોકાણની જાહેરાત કરાઈ. તેના પગલે વિદેશી રોકાણ વધ્યું. ૨૦૧૪માં ૩૪ અબજ ડોલર વિદેશી રોકાણ હતું જે ૨૦૨૨માં ૮૪ અબજ ડોલર સુધી પહોંચી ગયું. આ દરમિયાન ૨૦૧૮માં વોલમાર્ટ દ્વારા ફ્લિપકાર્ટ ઈન્ડિયમાં ૧૬ અબજ ડોલરનું રોકાણ કરાયું. તેવી જ રીતે ગુગલ અને મેટા દ્વારા જીયોના વિવિધ સાહસોમાં અનુક્રમે ૪.૫ અને ૫.૭ અબજ ડોલર ઠાલવવામાં આવ્યા. ૨૦૨૦થી ૨૦૨૨ સુધીમાં ફોક્સકોન દ્વારા ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૬૦૦ મિલિયન ડોલરનું રોકાણ કરવામાં આવ્યું હતું. ભારતમાં ૨૦૧૪માં થયેલા સત્તા પલટા બાદ ભાજપ સરકારે વિદેશી રોકાણ મુદ્દે ઘણા પરિવર્તન કર્યા છે. સરકાર દ્વારા આ સેક્ટરમાં કરવામાં આવેલા લિબ્રલાઈઝેશનને પગલે વિદેશી કંપનીઓ ભારતમાં આવવા પ્રયત્નશિલ છે. બીજી તરફ કોરોનાકાળમાં ચીન સામે ઉઠેલી આંગળીઓ અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને પડેલા ફટકાને કારણે પણ વિદેશી કંપનીઓ એશિયામાં ચીનના સ્થાને ભારત ઉપર પસંદગી ઉતારી રહી છે. તેમાંપણ ૨૦૨૧માં સરકાર દ્વારા ઘણા સેક્ટરમાં ૧૦૦ ટકા સુધીનું સીધું વિદેશી રોકાણ કરવાના રસ્તાને ખુલ્લો મુકી દેવાયો હતો તેના કારણે પણ કંપનીઓ ભારત તરફ આકર્ષાઈ છે. ચીન દ્વારા પણ ભારતમાં મોટાપાયે રોકાણ કરાય છે, જોકે ૨૦૨૦થી તેમાં ઘણા ફેરફાર આવ્યા છે. ખાસ કરીને કોરોનાનો ફેલાવો અને સરહદ મુદ્દે ચીન સાથે ચાલી રહેલી સમસ્યાઓના કારણે ચીન પાસેથી આવતું રોકાણ ઘટયું છે. ટ્રેડિંગ પાર્ટનર તરીકે ચીન સાથેના જોડાણો હજી યથાવત્ છે. વિદેશી રોકાણના આંકડા ઉપર નજર કરીએ તો ભારતમાં જે ટોચના દેશો દ્વારા રોકાણ કરાયું છે તેમાં મોરેશિયસ મોખરે છે. તેણે ભારતના કુલ વિદેશી રોકાણનું ૨૪ ટકા રોકાણ કર્યું છે. ત્યારબાદ સિંગાપુર દ્વારા ૨૩ ટકા, અમેરિકા દ્વારા ૯ ટકા, નેધરલેન્ડ દ્વારા ૭ ટકા અને જાપાન દ્વારા ૬ ટકા રોકાણ કરવામાં આવ્યું છે. આ તેમનું ઈક્વિટી રોકાણ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે સમય ચિંતામાં ગયો તે કચરા ટોપલીમાં ગયો અને જે સમય ચિંતનમાં ગયો તે તિજોરીમાં જમા થઈ ગયો.

- ચિંગચાઆ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૧૨ પ્રદોષ તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૬, પૂર્વાષાઢા નક્ષત્ર, વજ્ર યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૪૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માંગલિક કાર્યમાં સફળતા મળે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.
વૃષભ:કૌટુંબિક સમસ્યા હળવી બને. અણધારી લાભની તક સાંપડે.
મિથુન:મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક: ગૃહવિવાદ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું.
સિંહ: કાર્યબોજ હળવો બને. મનની મુરાદ બર આવે.
કન્યા: મુસાફરીનું આયોજન સફળ થાય. લાભની તક સાંપડે.
તુલા: મનમાં પ્રફુલિતતા રહે. આર્થિક લાભ થાય.
વૃશ્ચિક:પ્રિય પાત્રથી મિલન-મુલાકાત થાય. ખાવા-પીવામાં કાળજી રાખવી.
ધન: મનમાં ચંચળતા રહે. નવિન શુભ સમાચાર મળે.
મકર: કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધીરજ રાખવી હિતાવહ.
કુંભ: આનંદમય દિવસ પસાર થાય. મનમાં પ્રસન્નતા અનુભવાય.
મીન: આવક- જાવક સરભર રહે. ક્રોધ પર કાબુ રાખવો.

# મુસાફરી દરમ્યાન મૃત્યુ પામનાર મહિલાના પુત્રને રૂા.૮ લાખનું વળતર આપવા રેલવે ટ્રિબ્યુનલનો આદેશ

**મરણ જનારના પુત્ર હાલ દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયા હોવાથી અને તેઓ અત્રે આવી શકે તેમ ન હોવાથી ઓનલાઈન કાર્યવાહી કરવાની વિનંતીને લઈ ઓનલાઈન હાજરી આપવા માટે મંજૂરી આપી ઓનલાઈન કાર્યવાહી કરવાનો સૌપ્રથમ ઐતિહાસિક નિર્ણય**

અમદાવાદ, તા.૭

એક મહત્ત્વના આદેશ મારફતે ગુજરાત રેલવે ટ્રિબ્યુનલ દ્વારા રેલવેમાં મુસાફરી દરમ્યાન પડી જવાથી મરણ પામનાર મહિલાના પુત્રને રૂા.૮ લાખનું વળતર ૩૦ દિવસમાં નવ ટકા વ્યાજ સાથે ચૂકવવા માટે આદેશ કર્યો હતો. મહત્ત્વની બાબત એ હતી કે ટ્રિબ્યુનલ દ્વારા તેની કામગીરીના ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત મરણ જનારના પુત્રની જુબાની ઓનલાઈન વીડિયો કોન્ફરન્સ મારફતે લેવામાં આવી હતી. યુવાન દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયો હોવાથી તેની માંગણીના આધારે રેલવે ટ્રિબ્યુનલ દ્વારા તેની જુબાની ઓનલાઈન લેવામાં આવી હતી અને એક નવો જ દાખલો બેસાડ્યો હતો.

કેસની વિગતો મુજબ અંજલિ બહેન પટેલ (ઉં.વ.૫૪) મૂળ પાટણના વતની હતા અને વર્ષ ૨૦૨૨માં આસામના સિલિગુરીથી ઉત્તરપ્રદેશમાં ગાઝિયાબાદ આવતા હતા. તેના માટે તેણી દ્વારા અગાઉથી ટિકિટ બૂક કરાવવામાં આવી હતી. તે દરમ્યાન તા. ૨૮/૧/૨૦૨૨ના રોજ તેઓ ગાઝિયાબાદ રેલવે સ્ટેશન ઉપર ટ્રેનમાંથી ઉતરતી વખતે પાછલા મુસાફરનો ધક્કો વાગવાથી આકસ્મિક રીતે પ્લેટફોર્મ ઉપર પડી ગયા હતા. તેઓને ઈજા થઈ હોવાથી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને ત્યારબાદ યોગા એક્સપ્રેસ મારફતે મહેસાણા તરફની ટ્રેનમાં બેસાડવામાં આવતા મુસાફરી દરમ્યાન તેણીની તબિયત બગડી હતી અને તેમને હરિયાણાના રેવારીની હોસ્પિટલમાં લઈ જવાયા હતા જયાં તેઓને તબીબો મૃત ઘોષિત કર્યા હતા. આથી મરનારના પુત્ર અમિત પટેલ દ્વારા વળતર માટે રેલવે દાવા પ્રાધિકરણમાં દાવો કરવામાં આવ્યો હતો. આ દાવો ચાલી જતાં શરૂઆતમાં રેલવે તરફથી વિરોધ કરાયો હતો અને પાછળથી સ્વીકાર કરવામાં આવ્યો હતો. રેલવે તરફથી તે કાયદેસર ટિકિટ લઈને મુસાફર હોવાનું સ્વીકાર્યું હતું. ત્યારબાદ રેલવેએ દાવાનો વિરોધ પડતો મૂક્યો હતો. દરમ્યાન અરજદાર અમિત નરેશભાઈ પટેલ પણ મરણ જનારના એક માત્ર વારસદાર હોવાનું સાબિત થયું હતું.

અમીત પટેલ હાલ દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયા હોવાથી અને તેઓ અત્રે આવી શકે તેમ ન હોવાથી ઓનલાઈન કાર્યવાહી કરવાની વિનંતી કરાઈ હતી. આથી આ અરજી ઉપર વિચાર કર્યા બાદ આ માધ્યમ દ્વારા સમય, પૈસા અને શક્તિની બચત થતી હોવાથી તેઓને ઓનલાઈન હાજરી આપવા માટે મંજૂરી અપાઈ હતી. તમામ સુનાવણી કર્યા બાદ રેલવે ટ્રિબ્યુનલના ન્યાયિક સભ્ય વિવેક ગોયલ અને ટેક્નિકલ સભ્ય આર.કે. મનોચાની બેન્ચ દ્વારા ચુકાદો જાહેર કરીને રૂા.૮ લાખનું વળતર ૯ ટકા સાડા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# રાજકોટ સિવિલમાં મોતિયાના ઓપરેશન બાદ દેખાવાનું બંધ થયાના આક્ષેપો કરાયા

અમદાવાદ, તા.૭

રાજયમાં ફરી એકવાર સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી છે. અગાઉ અમદાવાદ જિલ્લાની વિરમગામના માંડલની આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૫થી વધુ દર્દીઓને આડઅસર થઈ હોવાનું સામે આવ્યું હતું જે પછી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મોતિયાના ઓપરેશન બાદ દેખાવાનું બંધ થયાનો આક્ષેપ કરવામાં આવી રહ્યા છે.

આ અંગેની માહિતી અનુસાર, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ જ દેખાવાનું બંધ થયાનો પરિજનોનો આક્ષેપ છે. આ મામલે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ડ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. તેમજ ઓપરેશન સમયે પૂરતા સંસાધનો ન હોવાનો સ્ટાફનો ઉડાઉ જવાબ આપ્યો છે. દર્દીને ઓપરેશન માટે અમદાવાદ મોકલવાની વાત કરતા આ સમગ્ર મામલો ગરમાયો હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ તપાસ મામલે સિવિલ સુપ્રિટેન્ડન્ટે જણાવ્યું હતું કે, આંખની સર્જરીમાં ઘણી વખત કોમ્પ્લિકેશન થાય છે. આ મામલે જરૂર હશે તો તપાસ કમિટી બનાવવામાં આવશે. જો કે, હાલમાં સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી છે.

# ‘ઉડતા ગુજરાત’ તરફ આગળ વધતા રાજયમાં ૧૯ લાખ લોકો ડ્રગ્સના બંધાણી બની ચૂકયા




ગાંધીનગર, તા.૭

વિધાનસભામાં વિપક્ષ નેતા અમિત ચાવડાએ સરકાર ઉપર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, રાજયમાં જયારે ૧૫૬ની બહુમતીવાળી સરકાર હોય, ડબલ એન્જિન હોય અને બજેટ રજૂ કરવામાં આવ્યું હોય તો પણ ગુજરાતની ગૃહિણીઓને ૪૫૦ રૂપિયામાં ગેસની બોટલ ન મળ્યો. ગુજરાતીઓને ફક્ત ન્યૂઝ પેપરોમાં રાજસ્થાન સરકારની ગેસના બાટલાની જાહેરાતો જોઈને ખુશ થવું પડે છે. સરકારના કાલ્પનિક આંકડાઓથી વધતા જીડીપીમાં જનતાને રસ નથી. પ્રજા જીડીપી- એટલે, ગેસ-ડીઝલ- પેટ્રોલના વધતા ભાવોને કારણે જનતા બેહાલ છે. ગુજરાત રાજ્ય એ દેશનું ગ્રોથ એન્જિન છે. ડબલ એન્જિન સરકાર છે છતાં પણ નોકરી-ધંધા-રોજગાર- નીતિઓના અભાવે અને ડબલ એન્જિનના ધુમાડાને કારણે ગુજરાતના કુલ ૧.૩૨ કરોડ પરિવારોમાંથી ૭૨ લાખ પરિવારો દર મહિને ૨ ટંક ભોજન માટે અનાજ લેવા લાઈનોમાં ઊભા રહે છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિવસે દિવસે કથળી રહી છે. તેની પાછળનું મોટું કારણ બેરોજગારીને કારણે ગુજરાતનું યુવાધન નશાના રવાડે ચડી રહ્યા છે. કચ્છના દરિયા કિનારે ડ્રગ્સ પકડાય એટલે કચ્છ ડ્રગ્સના લેન્ડિંગ હબ તરીકે બની ગયું છે. ‘‘ઉડતા ગુજરાત’’ બનવા તરફ રાજ્ય આગળ વધી રહ્યું છે. રાજયમાં ૧૯ લાખ લોકો ડ્રગ્સના બંધાણી બની ચૂકયા છે. ગીફ્ટ સિટીના નામે દારૂબંધી હળવી કરી સરકાર હવે વિકાસના નામે પાછલા બારણે દારૂબંધીમાં છૂટ આપવાની શરૂ કરી છે તેમ જણાવતા તેમણે કહ્યું હતું કે, રાજયના મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના વિકાસ એ ગુજરાતનો વિકાસ નથી. ખોટા વાયદા, વચનો, જુમલાઓ માટે ડબલ એન્જિન સરકાર જાણીતી છે જ. આપણે પહેલાં તો નકલી ડિગ્રી વિશે જ સાંભળ્યું હશે. હવે તો નકલી ચલણી નોટો, નકલી પીએમઓ અધિકારી, નકલી સીએમઓ અધિકારી, બધુ જ નકલી, નકલી જ છે. રાજયમાં ચોતરફ વહીવટદાર રાજ ચાલી રહ્યું છે જેમાં છેલ્લા ૧.૫ વર્ષથી ચૂંટણીઓ નથી થતી. ઝવેરી કમિશનનો રિપોર્ટ આવ્યો કાયદો પણ બન્યો પણ મળતીયા વહીવટદારોથી શાસન કરવાની ફાવટવાળી આ ડબલ એન્જિન સરકારમાં ગરીબી તો ઓછી ન થઈ પણ ગરીબો દેશમાં વધ્યા છે. આ ડબલ એન્જિન સરકાર જીવાયએએન માટે કામ નથી કરતી એટલે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી માટે કામ કરતી નથી.

**ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૩૫૨ જગ્યા વધતા હવે કુલ ૫૫૫૪ જગ્યા ઉપર ભરતી**

# રાજયમાં જુનિયર કલાર્ક સહિતની ભરતીમાં ફરી એકવાર જગ્યામાં વધારો

**અરજી કરનારા પૈકી પરીક્ષા ફી ભરી ન શકનાર ઉમેદવારો માટે મુદતમાં વધારો**

ગાંધીનગર, તા.૭

રાજયમાં સ્પર્ધાત્મક ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે અગત્યના સમાચાર સામે આવ્યા છે. ઓફિસ આસિસ્ટન્ટની ૧૨ જગ્યા તથા અન્ય કચેરીઓની જુનિયર કલાર્કની ૩૪૦ જગ્યા એમ મળીને કુલ ૩૫૨ જગ્યાનો ફરી એકવાર વધારો કરાયો છે. ગૌણ સેવા પસંદગી મંડળની ભરતીમાં આ વધારા સાથે ભરતીની જગ્યાઓ કુલ ૫૫૫૪ થઈ જવા પામી છે. આ ઉપરાંત વધુ પ્રાપ્ત માહિતી મુજબ જે ઉમેદવારોએ ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ કરેલી છે તેઓને પરીક્ષા ફી ભરવા માટે વધુ બે દિવસ આપવામાં આવ્યા છે. જે ઉમેદવારોની ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ થયેલી છે તે ઉમેદવારો તારીખ ૬ ફેબ્રુઆરી અને ૭ ફેબ્રુઆરી દરમ્યાન ઓનલાઈન પેમેન્ટ કરી શકે છે. જે ઉમેદવારને ફી ભરવામાં મુશ્કેલી જણાતી હોય તો તેઓ મંડળમાં ફોન કરીને અથવા રૂબરૂમાં આવીને તા.૭ ફેબ્રુઆરી સુધીમાં માર્ગદર્શન મેળવી શકે છે તેવું પણ મંડળ દ્વારા જણાવ્યું છે. એટલે કે, ઉક્ત જાહેરાત બાદથી અરજી કરનારા ઉમેદવારો પૈકી જેઓ ઓનલાઈન ફી ભરી શકયા નથી અથવા ટેક્નિકલ કારણોસર પરીક્ષા ફી ભરી શકેલ નથી. તેવા ઘણા ઉમેદવારો તરફથી સરકાર સમક્ષ રજૂઆતો કરાતા તેઓ માટે આ બે દિવસની મુદત ફી માટે વધારી આપવામાં આવી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ૩ (ગ્રુપ- A તથા B)ની જગ્યામાં વધારો કરાયો છે. મંડળ દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સિનિયર કલાર્ક સંવર્ગની કુલ ૫૩૨ જગ્યાઓ પૈકી ક્રમાંક૮ સામેની કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS)ની કુલ ૧ જગ્યા બિનઅનામત (સામાન્ય) તરીકે દર્શાવેલ છે જે બિનઅનામત મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે. જે જગ્યા વધાર્યા બાદ ફરી એકવાર જગ્યામાં વધારો કર્યો છે.

**વડોદરાનો ચર્ચાસ્પદ હરણી બોટ દુર્ઘટના મામલો**

# એફએસએલના નિષ્ણાંતોએ દુર્ઘટના અંગેનો પ્રાથમિક રિપોર્ટ SITને સોંપ્યા

અમદાવાદ,તા.૭

વડોદરા હરણી બોટ દુર્ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ એસઆઈટીને સોંપાયો છે. જેમાં એફએસએલ નિષ્ણાતોએ દુર્ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ સોંપ્યો છે ત્યારે ક્ષમતા કરતા વધુ બાળકો બોટમાં બેસાડતા દુર્ઘટના સર્જાઈ હોવાનું સામેં આવ્યું છે.

વડોદરામાં બોટ દુર્ઘટનામાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષિકાઓના કરુણ મોતને મામલે એફએસએલ નિષ્ણાતોએ ઘટનાનો પ્રાથમિક અહેવાલ એસઆઈટીને સોંપ્યો છે. જેમાં ક્ષમતા કરતા વધુ સંખ્યામાં બાળકો બોટમાં બેસાડવાથી દુર્ઘટના સર્જાઈ હતી. એફએસએલની ટીમ દ્વારા ઘટના સ્થળે સાયન્ટિફિક ઈન્વેસ્ટિગેશન કરી તેનો પ્રાથમિક અહેવાલ એસઆઈટીને સુપ્રત કર્યો છે. બીજી તરફ ધરપકડ કરાયેલ પરેશ અને ગોપાલ તેમનાં ફોન અંગે માહિતી આપી રહ્યા નથી. બંનેને ફોન મળે તો અનેક સવાલોના જવાબ અને આરોપીઓ અંગે વધુ માહિતી મળી શકે છે. લેકઝોન સ્ટાફ પણ વોટ્સએપ ઉપર ગોપાલને હિસાબ મોકલતો હોવાનો ખુલાસો થયો છે. પરેશ શાહે દુર્ઘટના સમયે પોતાના ભાગીદારોને ફોન કર્યો હતો. ભાગીદારોને ફોન ઉપર ભાગી જવાનું જણાવી પરેશ શાહ પણ અનેક દિવસો સુધી ફરાર રહ્યો હતો. પરેશના કહેવાથી બિનીત અને ગોપાલ ફોન બંધ કરી ફરાર થયા હતા. હરણી બોટ દુર્ઘટના બાદ પોલીસ દ્વારા જવાબદારો સામે ગુનો નોંધી તેઓને પકડવાની તજવીજ હાથ ધરી છે. હરણી બોટ દુર્ઘટનામાં હજુ ૬ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. પોલીસ દ્વારા આરોપીઓના ધરપકડ વોરંટ ઈશ્યું કરવામાં આવ્યા છે. તેમજ પોલીસ દ્વારા વિવિધ ટીમ બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. અત્યાર સુધી તમામ આરોપીઓના બેંકની વિગતો પોલીસે મેળવી છે. તેમજ ફરાર આરોપીના બેંક ખાતાની તપાસ પણ કરાશે.

# અમદાવાદનો અટલબ્રિજ જોવા પ્રવાસીઓનો ભારે ધસારો : તંત્રને થઈ કરોડોની આવક

અમદાવાદ, તા.૭

પતંગ પ્રેરિત ડિઝાઈનથી રૂપિયા ૭૪ કરોડના ખર્ચે બનેલ અટલ બ્રિજનું આકર્ષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. સરદાર બ્રિજ અને એલિસબ્રિજ વચ્ચે બનાવવામાં આવેલ આ ફૂટ ઓવર બ્રિજ અત્યારે લોકો માટે નવું સ્પોટ બની ગયું છે. જેના કારણે તંત્રને અત્યાર સુધી ૧૩.૪૪ કરોડની અધધ આવક થઈ છે. અટલ ફૂટ ઓવરબ્રિજની પાસે ફલાવર પાર્ક આવેલો હોવાથી તેનો લઈને સાબરમતી રિવરફ્રન્ટ તરફથી ખાસ ઓફર પણ જાહેર કરવામાં આવેલ છે જે મુજબ અટલ બ્રિજ અને ફલાવર પાર્કની મુલાકાત માટે ૪૦ રૂપિયામાં ટિકીટ મળે છે. જેના કારણે કોર્પોરેશનને મોટી આવક થઈ છે. જાન્યુઆરી ૨૦૨૪માં કુલ ૬૯૧૯ લોકોએ અટલ ફૂટ ઓવરબ્રિજની મુલાકાત લીધી હતી. આ પેટે તંત્રને રૂપિયા ૧.૨૬ લાખની આવક થઈ. અટલ ફૂટ ઓવરબ્રિજ ઉપર ૨૯ લાખ ૪૩ હજાર ૯૦૪ વયસ્કોએ મુલાકાત લીધી. જેમાં ૩ લાખ ૮૫ હજાર ૯૩૩ બાળકોએ મુલાકાત લીધી. કુલ ૩૩ લાખ ૮૪ હજાર ૪૭૭ લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી હોવાનું તંત્ર તરફથી જણાવાયું છે. આ ધસારાને લઈ તંત્રને ૯ કરોડ ૪૯ લાખ ૨૫ હજાર ૭૧૫ રૂપિયાની આવક થઈ છે. જ્યારે કોમ્બો એટલે કે અટલ બ્રિજ અને ફલાવર પાર્કની વાત કરીએ તો કુલ ૪૪ લાખ ૬૧ હજાર ૩૧૯ લોકોએ મુલાકાત લીધી. અને તેનાથી તંત્રને ૧૩.૪૪ કરોડની આવક થઈ. અમદાવાદની સાબરમતી નદી ઉપર આવેલ આ આઈકોનિક પેડેસ્ટેરીયન બ્રિજ એટલે અટલ ફુટ ઓવર બ્રિજ કદાચ દેશનો પ્રથમ બ્રિજ છે. સાબરમતી રિવરફ્રન્ટના પશ્ચિમ અને પૂર્વ ભાગને જોડતા અટલ ફુટ ઓવર બ્રિજ ૨૭ ઓગષ્ટના રોજ દેશના પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ફુટ ઓવર બ્રિજની પ્રેરણા પતંગ તેમજ ઉત્તરાયણની ઉજવણી પરથી લીધેલી છે. તે ગ્લાસ ફુટ ઓવર બ્રિજ, સરદાર બ્રિજ અને એલિસ બ્રિજ વચ્ચે બનાવવામાં આવ્યો છે. સદર આઈકોનીક બ્રિજ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ તેમજ અમદાવાદ શહેર માટે એક સ્ટેટસ બનશે. આ બ્રિજ એક એન્જિનિયરિંગ અજાયબી તરીકે ઓળખાશે. બ્રિજ પશ્ચિમ કાંઠે ફલાવર ગાર્ડન તથા ઈવેન્ટ ગ્રાઉન્ડના વચ્ચે પ્લાઝમાંથી થઈ પૂર્વ કાંઠે બનનાર એક્ઝિબિશન, કલ્ચરલ, આર્ટ સેન્ટરને જોડાશે. બ્રિજના કારણે અમદાવાદના લોકો સાબરમતી નદી તથા સાબરમતી રિવરફ્રન્ટ ટ્રાફિક વગર શાંતિથી માણી શકાશે.

# UNRWA માટે ફંડિંગ અટકાવી દેવું એ સામૂહિક સજા કરતાં પણ વધુ ભયાનક છે

**આવા સમયે UNRWA માટે ભંડોળ રોકવાનો અર્થ ગાઝામાં ઈઝરાયેલી નરસંહારને સમર્થન આપવા જેવું છે**

(એજન્સી) તા.૭

૨૬ જાન્યુઆરીના રોજ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)એ દક્ષિણ આફ્રિકાના કેસ ઉપર વચગાળાનો ચુકાદો આપ્યો હતો જેમાં ઈઝરાયેલ ઉપર પેલેસ્ટીની લોકો સામે નરસંહાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એ પછી ઈઝરાયેલ સરકારે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (UNRWA)ના ૧૨ કર્મચારીઓ પરહમાસ સાથે સંબંધ હોવાનો અથવા ઓક્ટોબર ૭ના ઓપરેશનમાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો. આના પરિણામે તરત જ એક ડઝનથી વધુ દેશોએ એજન્સી `NRWAના નાણાકીય સહાયમાં કાપ મૂક્યો, આરોપીઓમાંથી નવને બરતરફ કર્યા હતા. ગાઝામાં થતી નજીવી સહાય અને ખાસ કરીને ઉત્તર ગાઝામાં લોકોના ભૂખમરા જોતાં, UNRWAને ફંડ ન આપવું એ સામૂહિક સજા કરતાં વધુ ખરાબ છે અને તે નિરાધાર અને ભૂખ્યા પેલેસ્ટીનીઓ માટે મૃત્યુદંડ હોઈ શકે છે. યુએનઆરડબ્લ્યુએની સ્થાપના ૧૯૪૯માં સંયુકત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા તમામ પેલેસ્ટીની શરણાર્થીઓને રાહત પૂરી પાડવા માટે કરવામાં આવી હતી. આજે, UNRWA પાસે ૩૦,૦૦૦નો સ્ટાફ છે, જેમાં મુખ્યત્વે પેલેસ્ટીની ચિકિત્સકો, નર્સો, શિક્ષકો,રાહત કાર્યકરો, ડ્રાઈવરો, એન્જિનિયરો, લોજિસ્ટિયન્સ વગેરે છે જે સમગ્ર મધ્ય પૂર્વમાં લાખો પેલેસ્ટીની શરણાર્થીઓને માનવતાવાદી રાહત, આરોગ્યસંભાળ, શિક્ષણ અને અન્ય સહાય પૂરી પાડે છે. ગાઝામાં, UNRWAના ૧૩,૦૦૦ કર્મચારીઓએ પેલેસ્ટીનને ટેકો આપ્યો છે. યુએનએ UNRWAને મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાનૂની જવાબદારીઓ સોંપી છે. જિનીવા સંમેલન હેઠળ, કબજે કરેલા પ્રદેશોમાં આશ્રય, આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવી મૂળભૂત સેવાઓ એ કબજે કરનાર રાજ્યની જવાબદારી છે. ઈઝરાયેલના પરિપ્રેક્ષ્યમાં, UNRWAએ તેનું દુશ્મન છે. પેલેસ્ટીની શરણાર્થીઓને અન્ય દેશોમાં પુર્નઃસ્થાપિત કરીને પેલેસ્ટીન શરણાર્થી પ્રશ્નનો ઉકેલ લાવવા માટે તે ‘‘અવરોધ’’ છે. UNRWAના ૧૨ કર્મચારીઓ સામેના આરોપોને આ સંદર્ભમાં જોવા જોઈએ; તે યાદ રાખવું પણ મહત્વપૂર્ણ છે કે ICJ દ્વારા નરસંહારના આરોપોનો સામનો કરી રહેલી ઈઝરાયેલ એ અયોગ્ય સત્તા છે. ઈઝરાયેલી દળોએ શાળાઓ અને હોસ્પિટલો સહિત યુએન-સંરક્ષિત સુવિધાઓ ઉપર વારંવાર હુમલો કર્યો છે, જેમાં હજારો નાગરિકો, મુખ્યત્વે બાળકો અને યુએનઆરડબ્લ્યુએ પરિસરમાં આશ્રય મેળવતા મહિલાઓ તેમજ ૧૫૨ UNRWA કર્મચારીઓની હત્યા કરી છે.ઈઝરાયેલનો UNRWA કર્મચારીઓ સામે અપ્રમાણિત આરોપોનો લાંબો ઈતિહાસ છે અને વર્તમાન સંઘર્ષના સંદર્ભમાં, તે પેલેસ્ટીનીઓ દ્વારા કરવામાં આવેલા કથિત ગુનાઓ (દા.ત., ઓક્ટોબર ૭ના રોજ ૪૦ બાળકોના શિરચ્છેદ) વિશે વારંવાર જૂઠું બોલ્યો છે. પ્રથમ દષ્ટિએ કેસની તપાસ કર્યા વિના



યુએનના ઉતાવળા નિર્ણયો દ્વારા ઈઝરાયેલના એવા દાવાને સમર્થન આપ્યું છે કે ગાઝા-આધારિત ૧૦ ટકા સ્ટાફ ‘‘લડાયક જૂથો’’ સાથે સંબંધ ધરાવે છે. યુએનના આંતરિક નિયમો હેઠળ, જ્યારે ગેરવર્તણૂકનો આક્ષેપ કરવામાં આવે ત્યારે યોગ્ય પ્રક્રિયા ફરજિયાત છે. અન્ય તમામ કેસોમાં, સામાન્ય રીતે, સૌથી ગંભીર કેસોની તપાસ કરવા માટે તપાસ બોર્ડની સ્થાપના કરવામાં આવે છે, અથવા યુએનના આંતરિક તપાસ વિભાગ દ્વારા આરોપોને ચકાસવામાં આવે છે જે પ્રારંભિક પુરાવાના આધારે ઔપચારિક તપાસ શરૂ કરી શકે છે. વચગાળામાં, ગેરવર્તણૂકના આરોપોનો સામનો કરી રહેલા સ્ટાફ સભ્યને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. ઈઝરાયેલના આરોપ સાથે ૧૨ UNRWA કર્મચારીઓની બરતરફી એઆશ્ચર્યજનક નિર્ણય છે. યુનાઈટેડ સ્ટેટ્સ, ઓસ્ટ્રિયા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફિનલેન્ડ, જર્મની, ઈટાલી, જાપાન, નેધરલેન્ડ્સ, આઈસલેન્ડ, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, રોમાનિયા અને યુનાઈટેડ કિંગડમ દ્વારા UNRWAને તેમના ભંડોળને સ્થગિત કરવાનો નિર્ણય વધુ ચિંતાજનક છે. પરંતુ તે આશ્ચર્યજનક નથી કારણ કે આ જ સમાન સરકારોએ ઈઝરાયેલ દ્વારા આચરવામાં આવેલા ઘણા યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓને અવગણવાનું પસંદ કર્યુંર છે અને ગાઝા ઉપર તેના આક્રમણ માટે તેમનું લશ્કરી સમર્થન ચાલુ રાખ્યું છે. અંતે, જો ૧૨ આરોપી સ્ટાફ ગંભીર ગુના માટે દોષિત ઠરે તો પણ, ગાઝામાં ભૂખમરો અને પેલેસ્ટીનીઓને બચાવવાનો પ્રયાસ કરવા અને આ ભંડોળને રોકીને ભૂખે મરતા લોકો માટે આ માત્ર સામૂહિક સજા જ નથી પણ તે પણ એક નરસંહાર જ છે.

# આ વર્ષે પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાગી રહ્યું છે

## દર વર્ષે ૪ ગ્રહણ લાગે છે. બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ, આ વર્ષે પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાગી રહ્યું છે, આ સૂર્યગ્રહણ મેક્સિકો, કેનેડા અને અમેરિકાના કેટલાક વિસ્તારમાં પૂર્ણ દેખાશે

નવી દિલ્હી, તા.૭

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સૂર્ય અને ચંદ્રગ્રહણ લાગવું એક ખગોળીય ઘટના છે, પરંતુ જ્યોતિષ શાસ્ત્રમાં આ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. દર વર્ષે ૪ ગ્રહણ લાગે છે. બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ. આ વર્ષે પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાગી રહ્યું છે. આ સૂર્યગ્રહણ મેક્સિકો, કેનેડા અને અમેરિકાના કેટલાક વિસ્તારમાં પૂર્ણ દેખાશે. જે લગભગ ૪ મિનિટ ૨૮ સેકેંડનું હશે. વૈજ્ઞાનિકની ગણનાના આધારે ભોપાલના નિવાસી જ્યોતિષ તેમજ વાસ્તુ સલાહકાર પંડિત હિતેન્દ્ર કુમાર શર્મા જણાવી રહ્યા છે ક્યારે લાગ્યું હતું સૌથી લાબું સૂર્યગ્રહણ અને હવે ક્યારે લાગશે. અમેરિકન સ્પેસ એજન્સી નાસા અનુસાર, અત્યાર સુધીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ ૧૫ જૂન, ૭૪૩ ઈસા પૂર્વે લાગ્યું હતું. એ સમયે સૂર્યગ્રહણનો સમયગાળો ૭ મિનિટ ૨૮ સેકન્ડનો હતો, જે આફ્રિકામાં કેન્યા અને સોમાલિયાના કિનારે હિંદ મહાસાગરમાં થયું હતું. આ સૂર્યગ્રહણને હજારો વર્ષ વીતી ગયા છે, પરંતુ આજ સુધી આટલું લાંબુ સૂર્યગ્રહણ થયું નથી. જો કે, એવું માનવામાં આવે છે કે ૧૫૦ વર્ષ પછી જે સૂર્યગ્રહણ થવાનું છે તે આ સૂર્યગ્રહણની મર્યાદાની આસપાસ હોઈ શકે છે. વૈજ્ઞાનિક ગણતરીઓ અનુસાર, ૧૬ જુલાઈ ૨૧૮૬ના રોજ સૂર્યગ્રહણ થશે, જે ફ્રેન્ચ ગુઆનાના કિનારેથી એટલાન્ટિક મહાસાગરને પાર કરી શકે છે. પરિણામે, આ સૂર્યગ્રહણ લગભગ ૭ મિનિટ ૨૯ સેકન્ડ સુધી ચાલી શકે છે. **Eclipse** ૨૦૨૪ના ગ્રહણ નિષ્ણાત ડેન મેકગ્લોને કહ્યું છે કે, ‘૨૧૮૬ના ગ્રહણ દરમિયાન ચંદ્રનો પડછાયો પૃથ્વીના કેન્દ્રની ઉપર હશે.’ ચંદ્રની નજીક હોવાને કારણે તે ખરેખર મોટું હશે. જ્યારે સૂર્ય પ્રમાણમાં દૂર હોવાને કારણે નાનું હશે. જ્યારે આ બધી વસ્તુઓ એક સાથે આવશે, ત્યારે સૌથી લાંબુ ગ્રહણ ૨૧૮૬માં થશે. માહિતી અનુસાર, ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ થનારું પ્રથમ સૂર્યગ્રહણ ઘણા કારણોસર ખાસ માનવામાં આવે છે. જ્યારે આ ગ્રહણ થાય છે, ત્યારે સૂર્ય તેની એક્ટિવિટીની ચરમ પર હોય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ વખતે સૂર્યગ્રહણ ખુબ અલગ હોઈ શકે છે. નાસા અનુસાર, આ સૂર્યગ્રહણ સમગ્ર ઉત્તર અમેરિકામાં દેખાશે. આ પ્રકારનું સૂર્યગ્રહણ ૨૦૧૭ પછી અમેરિકામાં પ્રથમ કુલ સૂર્યગ્રહણ હશે.

### શ્રી માધવ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. જૂનાગઢના

# લોન ડીફોલ્ટરને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા અને વળતર ચુકવવા હુકમ

જૂનાગઢ તા. ૭

લોન લઈ ભરપાઈ ન કરનાર ડિફોલ્ટરને સજા કરી દાખલારૂપ ચુકાદો જૂનાગઢ કોર્ટે આપ્યો છે. શ્રી માધવ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. જૂનાગઢમાંથી ભાવનાબેન વકમતભાઈ પટાટ રહે. જામખંભાળીયા, તા.માળીયા હાટીનાવાળાએ ધિરાણ મેળવેલ અને લોન ખાતેદારે તેમની લોનની બાકી રકમ ભરપાઈ કરવા માટે રૂા.૩,૩૯,૩૯૭નો ચેક આપેલ હતો. જે ચેક અપુરતા ફંડના કારણે રીટર્ન થયેલ હતો. જેથી સોસાયટી દ્વારા સને ૨૦૨૦માં જૂનાગઢ કોર્ટમાં નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ કેસ દાખલ કરેલ હતો. જે કેસ પાંચમાં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એન.આર. સોલંકીની કોર્ટમાં ચાલી જતાં બંને પક્ષકારોને સાંભળીને નામદાર કોર્ટે આરોપી ભાવનાબેન વકમતભાઈ પટાટને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરીયાદીને ચેકની રકમ ૬ ટકા વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ છે. અને વળતરની રકમ એક માસમાં ન ચુકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સોસાયટી વતી એડવોકેટ સચીન રૂપારેલીયા રોકાયેલા હતા.

# ‘ઈન્ટરનેશનલ ટોય ફેર’માં ભારતના પ્રોડકટને ખુબ સરાહના મળી

## અમેરિકા, યુરોપ અને આફ્રિકા જેવા દેશોમાં હવે ચીનના નહીં ભારતના રમકડાની બોલબાલા

ન્યૂરમબર્ગ તા. ૭

ચીનના રમકડાની ડિમાન્ડ સમગ્ર વિશ્વમાં હોય છે. અમેરિકા, યૂરોપ અને દુનિયાના બાકી ભાગના બજાર ચાઈનીઝ રમકડાથી ભરેલા છે. જર્મનીના ન્યૂરમબર્ગ શહેરમાં ઈન્ટરનેશનલ ટોય ફેર ચાલી રહ્યો છે. જ્યાં ભારતના રમકડાની ધૂમ મચી ગઈ છે. જેના કારણે ચીનને મરચા લાગ્યા છે. ૫ દિવસના આંતરરાષ્ટ્રીય રમકડા મેળામાં ભાગ લેનારા ભારતીય ટોય મેકર્સને કરોડો રૂપિયાના ઓર્ડર મળ્યા છે. ટોય એક્સપોર્ટર્સે આ જાણકારી આપતા કહ્યું કે ભારતીય મેકર્સે મેળામાં હાઈ ક્વોલિટીનું પ્રદર્શન આપ્યું છે. તેનો મતલબ છે કે હવે અમેરિકાથી લઈ યૂરોપ અને આફ્રિકા ભારતીય રમકડાથી રમવા માટે તૈયાર છે. તેમના મુજબ અમેરિકા, બ્રિટેન, દક્ષિણ આફ્રિકા અને જર્મની જેવા દેશના ખરદીદારોએ તેમના ઉત્પાદનોમાં રસ બતાવ્યો અને મોટી સંખ્યામાં ઓર્ડર આપ્યો. ન્યૂરમબર્ગ ઈન્ટરનેશનલ ટોય ફેર ૩ ફેબ્રુઆરીએ પૂર્ણ થયો. દુનિયાના સૌથી મોટા રમકડા મેળામાં સામેલ આ આયોજનમાં ૬૫થી વધારે દેશના ૨૦૦૦થી વધુ લોકો સામેલ થયા. ગ્રેટર નોઈડા સ્થિત લિટિલ જીનિયસ ટોયઝ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ નરેશ કુમાર ગૌતમે કહ્યું કે અમારી પ્રોડક્ટસને ખુબ સરાહના મળી. ચાઈનીઝ રમકડા પ્રત્યે એક મજબૂત ચીન વિરોધી ભાવના હતી અને ભારતીય રમકડાની સરાહના કરવામાં આવી. તેમને કહ્યું કે બે ચીની કંપનીઓએ રમકડાના ઉત્પાદન માટે ભારતમાં લિટિલ જિનિયસની સાથે જોઈન્ટ વેન્ચર સ્થાપિત કરવામાં રસ બતાવ્યો છે. વાણિજ્ય અને રાજ્ય મંત્રી ઉદ્યોગ સોમ પ્રકાશે રાજયસભાને આપેલી જાણકારી મુજબ ટોય ઈન્ડસ્ટ્રી માટે સરકાર દ્વારા બનાવેલા અનુકુળ મેન્યુફેકચરિંગ ઈકોસિસ્ટમના કારણે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૨-૨૩ સુધી રમકડાના કુલ ઈમ્પોર્ટમાં ૫૨ ટકાનો ઘટાડો અને રમકડાની નિકાસમાં ૨૩૯ ટકાનો વધારો થયો છે. ‘મેડ ઈન ઈન્ડિયા રમકડા’ને પ્રોત્સાહન આપવા માટે એક સક્રિય અભિયાનની સાથે સાથે ભારતીય મુલ્યો, સંસ્કૃતિ અને ઈતિહાસના આધાર પર રમકડાની ડિઝાઈનિંગને પ્રોત્સાહિત કરવાના ઉપાયો, શીખવાના સાધન તરીકે રમકડાંના ઉપયોગથી ઈચ્છિત પરિણામો મળ્યા છે. ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કેટલુ છે? જે વિશે જણાવીએ તો, સરકાર રમકડાની ક્વોલિટી પર દેખરેખ રાખવા, હલકી ગુણવત્તાવાળા અને અસુરક્ષિત રમકડાંની આયાતને પ્રતિબંધિત કરવા અને સ્વદેશી રમકડાંના ક્લસ્ટરોને પ્રોત્સાહન આપવા સાથે રમકડાની ડિઝાઈન અને ઉત્પાદન માટે હેકાથોન અને પડકારોનું પણ આયોજન કરી રહી છે. આ કેમ્પેઈનથી ટોય ઈન્ડસ્ટ્રીમાં મોટો ગ્રોથ જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં રમકડાનું કુલ ઈમ્પોર્ટ ૩૩૨.૫૫ મિલિયન અમેરિકી ડોલરથી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫૮.૭ મિલિયન અમેરિકી ડોલર થઈ ગયુ છે. જો વાત એક્સપોર્ટની વાત કરીએ તો નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૯૬.૧૭ મિલિયન અમેરિકી ડોલરથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૨૫.૭૨ મિલિયન અમેરિકી ડોલર થઈ ગયુ છે.

# ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગારસેટ્ટીએ મોટું નિવેદન આપ્યું




જયપુર, તા.૭

ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગારસેટ્ટીએ મોટું નિવેદન આપ્યું છે. એક ઈવેન્ટ દરમિયાન ગારસેટ્ટીએ કહ્યું કે ભારત ક્વાડમાં ડ્રાઈવિંગ સીટ પર છે અને ભારતે નક્કી કરવાનું છે કે ક્વાડ સાથે શું કરવું. ગારસેટ્ટીએ જયપુર લિટરેચર ફેસ્ટિવલની ૧૭મી આવૃત્તિમાં ‘હાર્ટ ઓફ ધ મેટરઃ ક્વાડ એન્ડ ધ ન્યૂ ઈન્ડો પેસિફિક વિઝન’ સત્ર દરમિયાન આ વાતો કહી હતી. ગારસેટ્ટીએ હાવભાવ દ્વારા સમજાવ્યું કે ‘ભારત ક્વાડમાં ડ્રાઈવિંગ સીટ પર છે અને અમેરિકા તેની બરાબરી પર છે. મને લાગે છે કે જાપાન શરૂઆતથી જ આગળ વધી રહ્યું છે અને ઓસ્ટ્રેલિયા ક્વાડમાં એક છે જે કારમાં સૌથી વધુ ઉત્સાહિત છે અને દરેકને ખાણી-પીણી વિશે પૂછે છે અને એ પણ પૂછે છે કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. ક્વાડ એ રાજદ્વારી ભાગીદારી છે જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકા સહયોગી છે. ક્વાડનો ઉદ્દેશ્ય સભ્ય દેશો વચ્ચે આર્થિક, રાજદ્વારી અને લશ્કરી સહયોગ વધારવાનો છે. ક્વાડનો ઉદ્દેશ્ય હિંદ પ્રશાંત મહાસાગર વિસ્તારને મુક્ત રાખવાનો છે. આ વિચાર જાપાનના તત્કાલીન પીએમ શિંઝો આબેએ વર્ષ ૨૦૦૭માં આપ્યો હતો. તેની રચના વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે ચીનના વધતા પ્રભાવને પહોંચી વળવા માટે ક્વાડની રચના કરવામાં આવી છે. ગાર્સેટીએ કહ્યું કે આ એક સારો સમય છે અને અમે બધા અમારી વિવિધ ભૂમિકાઓનો આનંદ લઈ રહ્યા છીએ. હું પણ ઈચ્છું છું કે આપણે કારની પાછળની સીટ પર બેસીએ અને ઘણી વખત આરામ કરીએ, પરંતુ તે ભારતે નક્કી કરવાનું છે કે આપણે ક્વોડ સાથે શું કરવા માંગીએ છીએ. ગારસેટ્ટીએ એમ પણ કહ્યું હતું કે ક્વાડ એવી સંસ્થા નથી જ્યાં દરેક વ્યક્તિ એક વાત પર સહમત થાય, તે વાત કરવાની જગ્યા નથી. આપણે હિંદ મહાસાગર વિશે વાત કરી શકીએ છીએ અને આ દિશામાં આગળ વધી શકીએ છીએ. સ્પેસ પ્રોજેક્ટ પર પણ કામ કરી શકીએ છીએ. ગાર્સેટી જણાવ્યું હતું કે ક્વાડ વિશ્વ માટે એક મોડેલ બની શકે છે. તે અત્યંત મજબૂત અને કાયમી છે. તે સંયુક્ત રાષ્ટ્ર વગેરે જેવી ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કરતાં વધુ અસરકારક છે, કારણ કે આ સંસ્થાઓ પાસે ક્વાડ જેટલી ક્ષમતા નથી. ભારત-અમેરિકાના દ્વિપક્ષીય સંબંધો પર અમેરિકી રાજદૂતે કહ્યું કે, દ્વિપક્ષીય સંબંધો હંમેશા આકર્ષક હોય છે, પરંતુ જ્યારે સીધી બાબતોની વાત આવે છે.

# કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને કર્ણાટક હાઈકોર્ટે દંડ ફટકાર્યો

બેંગ્લોર તા. ૭

કર્ણાટક હાઈકોર્ટે મંગળવારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની અરજી ફગાવી દીધી હતી અને તેમના પર દંડ પણ લગાવ્યો હતો. કોર્ટે તે અરજીને ફગાવી દીધી છે જેમાં તેણે ૨૦૨૨માં તેની સામે દાખલ કરાયેલા કેસને રદ કરવાની માંગ કરી હતી. એટલું જ નહીં, કોર્ટે ઠપકો પણ આપ્યો છે અને કાયદાની નજરમાં બધાને સમાન ગણાવ્યા છે. કોર્ટે ટિપ્પણી કરી કે જો જનતાના પ્રતિનિધિઓ નિયમોનું પાલન નહીં કરે તો જનતા શું કરશે હાઈકોર્ટે મુખ્યમંત્રીને ૬ માર્ચે જનપ્રતિનિધિઓની વિશેષ અદાલતમાં હાજર થવાનો આદેશ પણ આપ્યો હતો. કોર્ટે સીએમ સિદ્ધારમૈયા, રાજ્યના કેબિનેટ મંત્રીઓ એમબી પાટીલ, રામલિંગા રેડ્ડી અને કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલાને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સિદ્ધારમૈયા ઉપરાંત, હાઈકોર્ટે પરિવહન પ્રધાન રામલિંગા રેડ્ડીને ૭ માર્ચે, કોંગ્રેસના કર્ણાટકના પ્રભારી સુરજેવાલાને ૧૧ માર્ચે અને ભારે ઉદ્યોગ પ્રધાન એમબી પાટીલને ૧૫ માર્ચે હાજર થવા જણાવ્યું છે. વર્તમાન મુખ્યમંત્રી સહિત કોંગ્રેસના નેતાઓએ એપ્રિલ ૨૦૨૨માં કોન્ટ્રાક્ટર સંતોષ પાટીલના મૃત્યુના સંબંધમાં કથિત રીતે કેએસ ઈશ્વરપ્પાની ધરપકડની માંગ સાથે વિરોધમાં ભાગ લીધો હતો. ૨૦૨૨માં કોંગ્રેસના નેતાઓ પર રસ્તાઓ અવરોધિત કરવાનો અને જનતા માટે મુશ્કેલી ઊભી કરવાનો આરોપ લગાવતા કેસ નોંધવામાં આવ્યો હતો. સીએમ સિદ્ધારમૈયા વતી હાજર રહેલા વકીલોએ હાઈકોર્ટમાં અપીલ દાખલ ન થાય ત્યાં સુધી આદેશને સ્થગિત રાખવા માટે હાઈકોર્ટને વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે અરજી ફગાવી દીધી હતી. કર્ણાટક હાઈકોર્ટે કહ્યું કે જો જનપ્રતિનિધિ નિયમોનું પાલન ન કરે તો શું જનતા તેનું પાલન કરશે? રસ્તાઓ રોકીને વિરોધ કરવાથી લોકોને મુશ્કેલી પડે છે. કોર્ટે વધુમાં કહ્યું કે અમે રસ્તાઓ પર રોક લગાવી શકીએ નહીં.

# હાઈ પ્રોફાઈલ કેટગરી છતાં પાક.ના પુર્વ પીએમ ઈમરાનખાને જેલમાં કામ કરવું પડશે



ઈસ્લામાબાદ, તા.૭

એમ્બેસીના ગુપ્ત દસ્તાવેજો લીક કરવાના મામલામાં પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાનખાનને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમને રાવલપિંડની અદિયાલા જેલમાં રાખવામાં આવ્યા છે. પાકિસ્તાની મીડિયાના કહેવા પ્રમાણે ઈમરાન ખાન તેમજ તેમની કેબિનેટના પૂર્વ વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરેશી હાઈ પ્રોફાઈલ કેદીઓની કેટેગરીમાં આવે છે. આમ છતા તેમને જેલમાં કામ કરવુ પડશે. પાકિસ્તાની અખબારના અહેવાલ અનુસાર ૭૧ વર્ષીય ઈમરાન ખાન અને ૬૭ વર્ષીય કુરેશીને હાઈ પ્રોફાઈલ કેદીઓ તરીકે અલગ અલગ જગ્યાએ રાખવામાં આવશે. તેઓ દોષી સાબિત થયા તે પહેલા જેલમાં બીજા કેદીઓ કરતા વધારે સુવિધાઓ આપવામાં આવતી હતી. જેમાં એક્સરસાઈઝ માટે ટ્રેડ મિલનો પણ સમાવેશ થતો હતો. દોષથી સાબિત થયા બાદ હવે ઈમરાન ખાન અને કુરૈશીને જેલની વર્દીની બે-બે જોડ પહેરવા માટે અપાઈ છે. જોકે અત્યારે તેમની પર બીજા પણ કેસ ચાલી રહ્યા હોવાથી જેલની વર્દી પહેરવાનુ તેમના માટે ફરજિયાત નથી. જોકે તેમને જેલમાં બીજા કેદીઓની જેમ કામ કરવુ પડશે. સૂત્રોના કહેવા પ્રમાણે તેમને બીજા કેદીઓની સાથે રહીને કરવુ પડે તેવુ કામ નહીં અપાય પણ તેમની સુરક્ષા સચવાય તેવી કોઈ કામગીરી સોંપવામાં આવશે. જેલમાં તેઓ પોતાનુ ભોજન જાતે બનાવી શકશે અને જેલના મેન્યુઅલ પ્રમાણેનુ તૈયાર ખાવાનુ પણ ખાઈ શકશે. બીજી તરફ ઈમરાન ખાનના પત્ની બુશરા બીબીને બે મહિલા સહાયક અધિક્ષકની અધ્યક્ષતામાં એક મહિલા પોલીસ કર્મચારીને સોંપવામાં આવ્યા છે. બુશરા બીબીને જેલ પ્રશાસન દ્વારા નિયમ પ્રમાણે જેલનો નાસ્તો, ભોજન આપવામાં આવી રહ્યુ છે. બુશરા બીબી અને ઈમરાન ખાનને બિન ઈસ્લામિક વિવાહના મામલામાં બે દિવસ પહેલા જ કોર્ટે ૧૪ વર્ષની સજા ફટકારી છે.

# રિયાધના વર્લ્ડ ડિફેન્સ એક્સપોમાં ૭૫ દેશાએ ભાગ લીધો

નવી દિલ્હી તા. ૭

સાઉદી અરેબિયાના રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં સાઉદી સાથે અન્ય ૭૫ દેશોએ ભાગ લીધો છે. સાઉદીના રક્ષા મંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વતી રવિવારે આ વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોની આ બીજી આવૃત્તિ હતી, જે તેના ઘણા સાંસ્કૃતિક કેન્દ્રો માટે જાણીતું છે. દુબઈ કિંગ સલમાનના આશ્રય હેઠળ આયોજિત આ કાર્યક્રમનું આયોજન જનરલ ઓથોરિટી ફોર મિલિટરી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ આ શો ૮ ફેબ્રુઆરી સુધી ચાલશે. સાઉદી સંરક્ષણ ઉદ્યોગ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની દિશામાં આ કાર્યક્રમને એક મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવી રહ્યું છે.જેમાં ૭૫ થી વધુ દેશોએ ભાગ લીધો છે. પ્રિન્સ ખાલિદ બિન સલમાન, સંરક્ષણ પ્રધાન, આ પ્રદર્શનની મુલાકાત લીધી, જેમાં ૭૫ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૭૭૩ થી વધુ પ્રદર્શકો તેમજ સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રની સંખ્યાબંધ સરકારી સંસ્થાઓ અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ હાજરી આપી હતી. તેઓએ પ્રદર્શન વિસ્તારમાં એરિયલ ડિસ્પ્લે, સ્ટેટિક એરક્રાફ્ટ ડિસ્પ્લે અને ગ્રાઉન્ડ સાધનો પણ જોયા. આ ખાસ અવસર પર બોલતા, GAMI ગવર્નર અહેમદ અલ-ઓહાલીએ કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિકીકરણ દર વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪ ટકાથી વધીને ૧૩.૬ ટકા થઈ ગયો છે. સાઉદી કિંગડમને દેશના નેતૃત્વ દ્વારા આપવામાં આવેલા વિશાળ સમર્થનનો લાભ મળી રહ્યો છે. પરમિટની વાત કરીએ તો ૨૬૫ કંપનીઓ માટે બેઝિક પરમિટ અને લાયસન્સની સંખ્યા ૪૭૭ પરમીટ પર પહોંચી ગઈ છે. અલ-ઓહાલીએ વધુમાં જણાવ્યું હતું કે જીડીપીમાં ક્ષેત્રનું યોગદાન ૨૦૩૦ સુધીમાં અંદાજે ઈ૨૫ બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે, જેમાં કુલ ૪૦,૦૦૦ સીધી નોકરીની તકો અને ૬૦,૦૦૦ પરોક્ષ નોકરીની તકો છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે સંરક્ષણ અને સુરક્ષા ઉદ્યોગના નિષ્ણાતો, ઉત્પાદકો અને નિર્ણય લેનારાઓ માટે આ એક્સ્પો વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેના લશ્કરી દળોને વૈશ્વિક પ્લેટફોર્મ આપવા માટે, સાઉદી અરેબિયાના રિયાધમાં વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સાઉદી રક્ષા મંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વતી રવિવારે આ વર્લ્ડ ડિફેન્સ એક્સપોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સંરક્ષણ અને સુરક્ષા ઉદ્યોગના નિષ્ણાતો અને ઉત્પાદકો માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે આ એક્સ્પો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

WORLD DEFENSE SHOW SAUDI ARABIA

# યુએસમાં વસતા ભારતીયો તેમના સંતાનો અને જીવનસાથી સાથે જ કામ કરી શકશે

વૉશિંગ્ટન, તા.૭

અમેરિકામાં રહેતા ભારતીયો માટે એક ગૂડ ન્યૂઝ છે. તાજેતરના અહેવાલો અનુસાર અમેરિકામાં વસતાં ભારતીયો તેમના સંતાનો અને જીવનસાથી સાથે અમેરિકામાં જ કામ કરી શકશે. જેના માટે રાષ્ટ્રપતિ બાઈડનની સરકારે મોટો નિર્ણય કર્યો છે. માહિતી અનુસાર અમેરિકી સેનેટમાં રિપબ્લિકન તથા ડેમોક્રેટ્સ વચ્ચે લાંબી ચર્ચા વિચારણાં બાદ નેશનલ સિક્યોરિટી એગ્રિમેન્ટ નામે એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જે મુજબ એચ-૧બીવિઝાધારકોના જીવનસાથીઓને અમેરિકામાં રોજગારીના અધિકારો તથા તેમના સંતાનોના અધિકારોની સુરક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જો આ પ્રસ્તાવ મંજૂર થશે તો લગભગ ૧ લાખ એચ-૪ વિઝા ધારકોને તેનો લાભ મળશે જેઓ અમેરિકામાં કામ કરી શકશે. ઉલ્લેખનીય છે કે એચ-૧બીવિઝાધારકોના જીવનસાથી કે સંતાનોને જ એચ-૪ વિઝા આપવામાં આવે છે. નેશનલ સિક્યુરિટી એગ્રીમેન્ટ હેઠળ ૧૧૮.૨૮ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવી છે. બિલમાં એચ-૧બીવિઝા ધારકોના બાળકોના અધિકારોની સુરક્ષા કરવા, આ શ્રેણીના લોકોને રોજગાર અધિકાર આપવા અને ગ્રીન કાર્ડ ક્વોટા વધારવાની માંગ કરાઈ છે. બિલ હેઠળ આગામી પાંચ વર્ષ સુધી દર વર્ષે ૧૮,૦૦૦ લોકોને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ મળશે. વ્હાઈટ હાઉસના નિવેદન અનુસાર ૩૦ વર્ષમાં પહેલીવાર ઈમિગ્રન્ટ વિઝા મર્યાદામાં વધારો કરાયો છે.

# વિસાવદર પી.જી.વી. સી.એલ.કંપનીની લેણી રકમ જમા નહિ કરાવતા વધુ એકને ૬૦ દિવસની સજા : ધારાશાસ્ત્રી નયન જોશીની ધારદાર દલીલો

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૭

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના જુનાગઢના અધિક્ષક ઈજનેર બી.ડી.પરમાર સાહેબની સૂચનાથી વિસાવદર પશ્ચિમ ગુજરાત વીજ કંપનીનાસબ ડિવિઝન નંબર-(૨)ના અધિકારી કમલ અખેણીયા દ્વારા નાની મોણપરી ગામના વજુભાઈ રામભાઈ વાઘ(વાઘેલા) સામે રૂપિયા ૮૫,૯૪૧-૫૩પૈસા વસુલ મેળવવા માટે વિસાવદર કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સબ ડિવિઝન નંબર-(૨) ના અધિકારી દ્વારા પેનલ એડવોકેટ નયન જોષી મારફતે દરખાસ્ત નંબર ૪૬/૨૩થી દરખાસ્ત દાખલ કરેલી હતી જે દરખાસ્તના કામમાં પ્રતિવાદીને વિસાવદર કોર્ટ તરફથી પૂરતી તકો આપવા છતાં પ્રતિવાદીએ કોઈ ગંભીરતા દાખવેલ નહિ કે કોર્ટમાં પણ હાજર રહેલા નહિ તેથી પ્રતિવાદી વિરુદ્ધ જંગમ જપ્તી વોરન્ટ કાઢવા હુકમ થયેલ ત્યારબાદ પણ પ્રતિવાદી તરફથી કોઈ રકમ જમા નહિ કરાવતા

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીનાસબ ડિવિઝન નંબર-(૨)ના અધિકારી દ્વારા તેમનું મોટર સાયકલ તથા મોબાઈલ વિસાવદર કોર્ટના બેલીફો એમ.ડી.વાઢેર તથા જીતેન્દ્ર લાલવાણી દ્વારા જપ્તીમાં લીધેલ ત્યારબાદ પ્રતિવાદીને સિવિલ જેલમાં બેસાડવા માટે વાદી તરફથી અરજી રજૂ કરવામાં આવેલી જે અરજીમાં પણ પ્રતિવાદી ને નામદાર કોર્ટ તરફથી હપ્તે હપ્તે રકમ ચૂકવવા તૈયાર હોવાનુ પૂછતાં પ્રતિવાદીએ ઈનકાર કરતા વિસાવદરના પ્રિન્સિપાલ સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા પ્રતિવાદીનો જવાબ તથા વાદીની રજુઆત તથા એડવોકેટની દલીલો દયાને લઈને પ્રતિવાદી વજુભાઈ રામભાઈ વાઘ (વાઘેલા)ને દિન-૬૦ની સિવિલ જેલમાં જુનાગઢ ખાતે મોકલી આપવા



હુકમ કરતા વીજચોરી કરનારા લોકોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.આ અંગે પી.જી.વી.સી.એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૨)ના અધિકારી અખેણીયાએ જણાવેલ કે વિજબીલની રકમ દરેક લોકોએ નિયમિત ભરપાઈ કરી આપવા અપીલ કરેલી છે.

# ખંભાળિયાના ધરમપુરમાં રસ્તાઓ માટે નડતરરૂપ ૮૯ દબાણો દૂર કરાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે જિલ્લાની મુખ્ય સરકારી કચેરીઓ તરફ જતા માર્ગ આડે ધરમપુર વિસ્તારમાં અનેક કાચા-પાકા મકાનો ખડકી દેવામાં આવ્યા હોવાથી આ સ્થળે નવા રસ્તાનું નિર્માણ કરવા માટે નડતરરૂપ તમામ દબાણોને તંત્ર દ્વારા ખુલ્લા કરવામાં આવ્યા છે. ખંભાળિયા શહેર સંલગ્ન આવેલી ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં જિલ્લા કલેકટર કચેરી તરફ જતા કાચા રસ્તામાં માર્ગ નિર્માણ માટે સરકાર દ્વારા બે વર્ષ પૂર્વે મંજૂરી આપવામાં આવી હતી પરંતુ આ રસ્તાની બંને તરફ રહેણાંક મકાનો, દુકાનો તેમજ વંડાઓની દીવાલો ઉભી હોવાથી અહીં રસ્તા નિર્માણનું કામ થઈ શકે તેમ ન હતું. આ બાબતને ધ્યાનમાં લઈ અને તત્કાલીન જિલ્લા કલેકટર અશોકકુમાર શર્મા તેમજ પ્રાંત અધિકારી કેકે. કરમટાની સૂચના મુજબ તાજેતરમાં અહીંના મામલતદાર વિક્રમભાઈ વરુ તેમજ સરકારી તંત્ર દ્વારા નોટિસ સહિતની કાયદાકીય કાર્યવાહી પછી ગત સપ્તાહમાં ઓપરેશન ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસ તંત્રને સાથે રાખીને હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશ છ દિવસ ચાલી હતી. આ કામગીરીમાં એવા ૮૯ દબાણો પર સરકારી બુલડોઝર ફરી વળતાં ઠેર ઠેર કાટમાળ જોવા મળી રહ્યા છે. અને હજારો ફૂટ સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. આગામી દિવસોમાં તંત્ર દ્વારા રસ્તા માટેની મંજૂરી તેમજ ટેન્ડરિંગ પ્રક્રિયા બાદ નવા રસ્તા અંગેની કામગીરી હાથ ધરાનાર હોવાનું જાણવા મળ્યું છે. આમ નવા રસ્તા બનાવવા માટેનો માર્ગ "સાફ" થયો છે.

# બાબરામાં વિજ્ઞાન જાથાનાં જયંત પંડ્યાનું સન્માન કરાયું

બાબરા તા.૭

તાજેતર માં બાબરા માં વિજ્ઞાન જાથા નાં રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડ્યા એ શહેર નાં આગેવાન શંભુભાઈ પાચાણી, અને રેશનાલીસ્ટ શંભુભાઈ વાળા ની મુલાકાત વખતે મંતવ્ય આપ્યું તેમાં ભારત વિશ્વ કક્ષા એ અસાધારણ પ્રગતિ કરી રહ્યું છે ત્યારે આપણે નાગરિકધર્મ બજાવી રાષ્ટ્ર ને મજબૂત કરીએ. જાથા દેશભર માં લોકોને જોડવાનું કામ કરી રહી છે. નાત જાત નાં ભેદભાવ દૂર કરી ભારતીય ની ઓળખ આપવાની જરૂર છે. અંધ શ્રદ્ધા ને દેશવટો આપવાની તાતી જરૂરિયાત છે આગામી દિવસોમાં જાથા નું રાજ્યવ્યાપી સંમેલન યોજવાની જાહેરાત કરી પ્રવેશપત્રો મેળવવા રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. જેમાં આકર્ષક આઈ કાર્ડ આપવામાં આવશે. એપ્રિલમાં અધિવેશન બોલાવવામાં આવશે. સર્વાંગી તાલીમ આપવામાં આવશે. નિયમો ની જાણકારી સદસ્ય ને આપવામાં આવશે. નગરપાલિકાનાં પ્રમુખ પ્રવિણભાઈ કરકરે એ જાથા ની પ્રગતિની વાત કરી સહકાર ની



ખાત્રી ઉચારી હતી. શંભુભાઈ પાચાણી એ તન મન ધન થી સહકાર વાત કરી લોક ચળવળ માં જોડાવવા અપીલ કરી હતી.રેશનાલીસ્ટ શંભુભાઈ વાળા પરિવાર સાથે જુના સંસ્મરણો વાગોળ્યા હતા શહેર નાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સદસ્ય પરિવારે ધન્યતા અનુભવી હતી જાથા ના ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, દિલીપ ભાઈ ચૌહાણ, ભાનુબેન ગોહીલ જયશ્રીબેન હાજર રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા અદાલત તથા આર્ટ ઓફ લિવિંગના સંયુક્ત ઉપક્રમે હેપ્પીનેસ અને હેલ્થ વેલનેસ કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એસ.વી. વ્યાસ દ્વારા અદાલતના ન્યાયાધીશો, વકીલો, તથા કર્મચારીઓનું સ્વાસ્થ્ય સુદ્રઢ બની રહે તથા હેપ્પીનેસ ઈન્ડેક્સમાં વધારો થાય અને તેઓ તંદુરસ્ત જીવનશૈલી તરફ વળે તે હેતુથી આર્ટ ઓફ લિવિંગના સહયોગથી ખંભાળિયામાં જિલ્લા અદાલતના પરિસરમાં તારીખ ત્રિદિવસીય કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આર્ટ ઓફ લિવિંગના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકરજી દ્વારા જ્ઞાન, ધ્યાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ ચાલવામાં આવે છે. જે અંતર્ગતના કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગના ફેકલ્ટી, યોગા ઈન્સ્ટ્રક્ટર તથા થેરાપિસ્ટ શિલ્પીબેન કવૈયા દ્વારા ત્રણ દિવસ સુધી યોગ, પ્રાણાયામ, આયુર્વેદ, પોઝિટિવ માઈન્ડસેટ સાથે તંદુરસ્ત જીવન શૈલી તરફ કેમ આગળ વધવું તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. આ ત્રણ દિવસની શિબિરમાં હેડક્વાર્ટર ખાતેના ન્યાયાધીશ સાહેબો, સરકારી વકીલો, ડિફેન્સ કાઉન્સેલર, જિલ્લા અદાલતના તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના કર્મચારીઓ હોંશભેર જોડાયા હતા.

# ખંભાળિયાના દાતા ગામે બે ક્ષત્રિય પરિવારો વચ્ચે લાંબા સમયથી ચાલતા મનદુ:ખનું સમાધાન થયું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

ખંભાળિયા તાલુકાના દાતા ગામે બે રાજપુત પરિવારો વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી કોઈ બાબતે મનદુ:ખ ચાલ્યું આવતું હતું. પરંતુ બંને પક્ષે હકારાત્મક અભિગમ દાખવી, અને ગધેથળના પૂજ્ય મહંત શ્રી લાલબાપુના આશ્રમ ખાતે આ બંને પરિવારો વચ્ચે સુખદ સમાધાન થયું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દાતા ગામમાં બે રાજપૂત પરિવારો શ્રી કનકસિંહ પ્રભાતસિંહ જાડેજા પરિવાર તથા શ્રી ભાવસંગ હેમુભા જાડેજા પરિવાર વચ્ચે છેલ્લા છ વર્ષથી વૈમનસ્ય ચાલતું હતું. જે અંગે અગાઉ કાયદાકીય પ્રક્રિયાઓ પણ થવા પામી હતી. જેને અનુલક્ષીને દાતા ગામના દિકરીબા શ્રી નંદકુંવરબા (નંદુબા) નટુભા ચુડાસમા તેમજ તેમના સુપુત્રો કે જેવો દાતા ગામના ભાણેજ થાય છે, તેવા શ્રી નવઘણસિંહ નટુભા ચુડાસમા, મહિપતસિંહ નટુભા અને દેવેન્દ્રસિંહ નટુભા ચુડાસમાના અથાગ પ્રયાસોથી બંને પરિવાર વચ્ચે સુખદ સમાધાન શક્ય બન્યું હતું. આ તકે ગધેથળના પૂજ્ય શ્રી લાલબાપુના આશ્રમ ખાતે તાજેતરમાં બંને પરિવારના સભ્યો તેમજ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાજપુત અગ્રણીઓ, વડીલો હિતેચ્છુ મિત્રો તેમજ દાતા ગામના ગ્રામજનોએ મળીને આશરે ૪૦૦ થી વધારે લોકોએ આ સ્થળે ભોજન પ્રસાદ લીધો હતો. જેમાં તમામએ પૂજ્ય શ્રી લાલબાપુના આશીર્વાદનો પણ લાભ લીધો હતો. આ પ્રસંગે બંને પરિવારના સભ્યોએ ભવિષ્યમાં કાયમી હળી-મળીને રહેવું તેવું સહર્ષ વચન પૂજ્ય લાલબાપુને આપ્યું હતું. દેવભૂમિ દ્વારકા તથા જામનગર જિલ્લા માટે આ સમાધાનએ સુખદ અને મહત્વપૂર્ણ બની રહ્યું છે. આ તકે બંને પરિવારના સભ્યોએ પૂજ્ય શ્રી લાલબાપુના આશીર્વાદ સાથે ઉપસ્થિત અગ્રણી નવઘણસિંહ, મહિપતસિંહ અને દેવેન્દ્રસિંહ કે જેઓ દાતા ગામના ભાણેજ થાય છે, તેમનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

# ખંભાળિયાની માનવ સેવા સમિતિ દ્વારા વિવિધ સેવાકાર્યો કરાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદિયાણી હોસ્પિટલના ઉપક્રમે જામનગર તાબેના ચેલા ખાતે તાજેતરમાં રતનબેન ઝવેરચંદ કારા ફાઉન્ડેશન યુ.કે. (હ. તારાબેન તથા અરવિંદભાઈ શાહ - લંડન)ના સંપૂર્ણ આર્થિક સહયોગથી વિવિધ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં નેત્ર નિદાન, સારવાર અને સર્જરી કેમ્પ, દંત ચિકિત્સા, સારવાર શસ્ત્રક્રિયા કેમ્પ તેમજ સર્વરોગ નિદાન - સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દાતાઓના સન્માન સમારંભ તેમજ ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વાગત પ્રવચન સંસ્થાના પૂર્વ પ્રમુખ રાજુભાઈ મજીઠીયાએ કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ અને દાતાઓની ભાવનાને સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણીએ બિરદાવી હતી. સંસ્થાના સદસ્ય ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠાએ વર્તમાન સમયની બીમારીઓ અને સારવાર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રતિભાવમાં દાતા તારાબેન અરવિંદભાઈ શાહ તથા અરવિંદભાઈ શાહએ દરેક વર્ષે અને વતનનું ઋણ ચૂકવવા વધુને વધુ આર્થિક સહયોગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવી માનવ સેવા સમિતિનો આ આયોજન કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ સેવા કેમ્પનો ૪૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. અંતમાં આભારદર્શન સંસ્થાના સહ ખજાનચી સુભાષભાઈ બારોટે તથા કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સભ્ય દિલીપભાઈ વિઠલાણીએ કર્યું હતું.


**મહાશિવરાત્રીનાં મેળામાં ૫ દિવસ**

૧૦ X ૧૨ સાઈઝમાં ફુલ LED સ્ક્રીનમાં ફોટો અથવા વિડીયો જાહેરાત આપો.

: કોન્ટેક :
મો.૭૪૮૭૯૨૮૧૭૨

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.

: કોન્ટેક :
મો.૯૬૦૧૨ ૭૨૯૬૫

**નાઈટમાં મેનેજર જોઈએ છે**

હોટલ લાઈનનાં અનુભવી મેનેજર જોઈએ છે

**હોટલ સોમનાથ**

રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
:: મળો ::
સવારે ૧૦ થી ૧૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167

**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર

હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે


પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**

સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**સ્પે. રજબનો રોટ**
માત્ર રૂા. ૨૪૦માં કિલો
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# જૂનાગઢ મનપાની સ્થાયી સમિતીએ રજુ કરેલ ચૂંટણીલક્ષી બજેટ મતદારોને આકર્ષિ શકશે ખરૂં ?

## પુર્વ કમિશ્નર દ્વારા રૂા.૪૯.૬૦ કરોડના વેરા વધારામાંથી ૩૮ કરોડનો વધારો રદ કરાયો : વિકાસના દિવાસ્વપ્ર સાથે આણંદપુર ગામ પાસે રૂા. ૭૦ કરોડના ખર્ચે ડેમ બનાવવાના કાર્યને પણ અગ્રતા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ મહાનગરપાલિકાની સ્થાયી સમિતીની ગઈકાલે બજેટ બેઠક મળી હતી અને પુર્વ કમિશ્નર દ્વારા મુકાયેલા બજેટમાં સુધારા-વધારા કરી અને ૩૮ કરોડનો વધારો રદ કરતું બજેટ મેયરને સુપ્રત કરવામાં આવેલ છે અને બજેટની ફાઈનલ મંજુરી માટે આગામી જનરલ બોર્ડમાં રજુ કરવામાં આવશે. મનપાની સ્થાયી સમિતી દ્વારા રજુ થયેલા સુધારા-વધારા બજેટમાં અનેક બાબતો સામે આવી છે. ખાસ કરીને ચૂંટણીલક્ષી ગણવામાં આવી રહેલ છે. આગામી લોકસભાની ચૂંટણી માથે ગાજી રહી છે અને ત્યારબાદ નજીકના સમયમાં જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાવાની હોય મતદારોને આકર્ષવાના કિમીયારૂપ આ બજેટ હથેળીમાં ચાંદ બતાવવા સમું રજુ થયું હોવાની ચર્ચા ઉઠવા પામી છે. જોકે, આ બજેટ મતદારોને કેટલું આકર્ષી શકશે તે તો આગામી સમય જ કહેશે. દરમ્યાન ગઈકાલે સ્થાયી સમિતીની બેઠકમાં ચેરમેન હરેશ પરસાણા દ્વારા રજુ કરવામાં આવેલા બજેટ અંગેની વિગતો અત્રે પ્રસ્તુત છે. જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે સ્થાયી સમિતીની બજેટ અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પૂર્વ કમિશ્નરે વેરામાં કરાયેલા ૪૯.૬૦ કરોડના વેરામાંથી ૩૮ કરોડના વેરા વધારને રદ કરી નાંખ્યો હતો. બાદમાં આ બજેટ મેયરને સુપ્રત કરાયું છે. હવે ફાઈનલ મંજૂરી માટે બજેટને જનરલ બોર્ડમાં રજૂ કરાશે. આ અંગે સ્થાયી સમિતી ચેરમેન હરેશ પરસાણાએ જણાવ્યું હતું કે, પૂર્વ કમિશ્નરને વેરો વધારો સૂચવ્યો હતો, પરંતુ તેમાં ભારે વિસંગતતા હતી માટે ૪૯.૬૦ કરોડમાંથી ૩૮ કરોડના વેરા વધારાને સ્થાયી સમિતીએ ફગાવી દીધો છે. સાથે વિવિધ યોજનાઓ અંગે જણાવ્યું હતું કે, ઓઝત નદી ઉપર આણંદપુર ગામ પાસે ૭૦ કરોડના ખર્ચે ડેમ બનાવાશે, સોલાર રૂફ ટોપ ફિટ કરનારને ઘરવેરામાં ૨૦ ટકાની રાહત અપાશે. મનપાની મિલકતોમાં પણ આગામી ૫ વર્ષમાં ૫૦ કરોડથી વધુના ખર્ચે ૧૧ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટનો પ્રોજેક્ટ પૂર્ણ કરાશે જેથી મહાનગરપાલિકાનું તમામ વિજબીલ શૂન્ય થઈ જશે. હસ્નાપુર ડેમ ખાતે મનપાને વાર્ષિક ૧૨.૬૫ કરોડનું પાવર બિલ આવે છે. માટે અહિં ૨૨૫ કરોડના ખર્ચે સોલાર પાર્ક બનાવવાની યોજના છે. ૨૨૫ કરોડના ખર્ચે ફ્લોટીંગ સોલાર પાવર પ્રોજેક્ટ અમલી બનશે તો વિજક્ષેત્રે આત્મનિર્ભર બનવા સાથે અન્ય કંપનીઓને પણ પાવર વેંચી આવક રળી શકશે. જ્યારે ગ્રીન ઉર્જાને પ્રોત્સાહન આપવા જે નાગરિક ઈલેક્ટ્રીક ફોર વ્હિલ, થ્રી વ્હિલ કે ટુ વ્હિલ ખરીદશે તેને વ્હિકલ ચાર્જમાં ૫૦ ટકા રાહત અપાશે. હાઉસ ટેક્ષ ભરનારને ૧૦ ટકા અને ઓનલાઈન



(અનુ. બીજા પાને.)

# જૂનાગઢમાં વાંધાજનક ભાષણ આપનાર મુફતી સલમાન અઝહરીના ૨૦ કલાકના રિમાન્ડ પુર્ણ થતા આજે કોર્ટમાં ફરી રજુ કરાશે



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢના નરસિંહ વિદ્યા મંદિરના મેદાનમાં ગત તા.૩૧ના રોજ યોજાયેલા વ્યસન મુકિત અંગેના કાર્યક્રમમાં મુંબઈના મુફતી સલમાન અઝહરી અને કાર્યક્રમના બે આયોજકો મહમદ યુસુફભાઈ મલેક અને અજીમભાઈ હબીબભાઈ ઓડેદરાને જૂનાગઢના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પઠાણની કોર્ટમાં રજુ કરીને રિમાન્ડ માંગવામાં આવતા ત્રણેયના એક-એક દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવેલ છે. દરમ્યાન મુફતી સલમાન અઝહરીને ૨૦ કલાકના રિમાન્ડ બાદ આજે ૪ કલાકે ફરીવાર તેઓને કોર્ટમાં રજુ કરવામાં આવનાર છે ત્યારે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

મુંબઈ સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા કેસ જૂનાગઢમાં વાંધાજનક ભાષણ મામલે ગઈકાલે બપોરે ૨.૧૫ કલાકે આરોપી મુફતી સલમાન અઝહરી, આયોજકો મહમદ યુસુફ મલેક અને અઝીમ અબીબ ઓડેદરાને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી સાથે જૂનાગઢની ચીફ કોર્ટમાં રજુ કર્યા હતા. જેમાં પોલીસે તપાસ માટે ૧૮ મુદ્દાઓ ટાંકયા હતા. જે મામલે તપાસ કરવા કોર્ટે ત્રણેય આરોપીના આજ તા.૭ ફેબ્રુઆરીના બપોરના ૪ વાગ્યા સુધીના(૨૦ કલાક) રિમાન્ડ મંજુર કરતા પોલીસે તપાસ શરૂ કરી છે. જે કેસની તપાસ એલસીબી પી.આઈ. જે.જે. પટેલ ચલાવી રહ્યા છે.

ગઈકાલે બપોરે ૨.૧૫ કલાકે રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં મુફતી સલમાન અઝહરી સહિત ત્રણેય આરોપીને રજુ કર્યા હતા ત્યારે જૂનાગઢ શહેરમાં જયાં સુધી રિમાન્ડ અંગેની સુનાવણી ચાલી ત્યાં સુધી જીલ્લા કોર્ટથી લઈને ચિતાખાના ચોક, મજેવડી દરવાજા સહિતના માર્ગો ઉપર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જૂનાગઢ અને ગીર-સોમનાથના બંને એસપી સહિતનો પોલીસ કાફલો કોર્ટ ખાતે હાજર હતો. ચારેય ચોકમાં પોલીસે બેરીકેટ મુકીને વાહન ચેકિંગ અને કોર્ટ રોડ ઉપર વાહનોની અવર-જવર ઉપર પાબંધી લગાવી દીધી હતી. અત્રેની ચીફ

### જૂનાગઢમાં વિવિધ વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

જયુડીશીયલ કોર્ટમાં ૧૦ દિવસના રિમાન્ડની માંગ સાથે સરકારી વકીલે રિમાન્ડ માટે એક કલાક સુધી દલીલો કરી હતી. જેમાં એવું કહ્યું કે, આરોપીઓએ વ્યસન મુકિતના નામે અલગ મુદ્દાઓ ઉપર વાંધાજનક ભાષણ આપ્યું હતું અને તે મુદ્દે અલગ-અલગ મુદ્દે તપાસ માટે રિમાન્ડ જરૂરી છે. તેની સામે બચાવપક્ષના વકીલે પણ દલીલો કોર્ટ સમક્ષ રજુ કરી હતી. જેમાં બચાવ પક્ષે કહ્યું કે, રિમાન્ડ માટે રજુ કરેલા મુદ્દાઓ પાયાવિહોણા છે અને મુફતીએ પોતાના ભાષણમાં કોઈ જ્ઞાતિનું નામ લઈને બોલ્યા નથી અને તેઓ જે બોલ્યા તે ઈઝરાયલ અને પેલેસ્ટાઈનાના યુધ્ધ મામલે પોતાની વાત વકતવ્યમાં રજુ કરી છે. તમામ દલીલો બાદ સાંજના ૭:૩૦ કલાકે ચીફ કોર્ટે ત્રણેય આરોપીના ૨૦ કલાકના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ મળતા જ પોલીસે ત્રણેય આરોપીને લઈ વધુ તપાસ માટે રવાના થયેલ હતી. દરમ્યાન આજે બપોરે ૪ વાગ્યે મુફતી સલમાન અઝહરીને આજે પુર્નઃ કોર્ટમાં રજુ કરાશે.

# જૂનાગઢ : જુગાર રમતી છ મહિલા ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ સી ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે શહેરના મધુરમ વિસ્તારમાં જલારામ બેકરી વાળી ગલી મારૂતીનગર વાળી શેરીમાં જુગાર અંગે દરોડો પાડતા રેખાબેન પ્રદીપભાઈ દાફડા (જૂનાગઢ), સાબીરાબેન જમાલભાઈ જેઠવા (વંથલી), કંચનબેન મહેન્દ્રભાઈ ચાવડા (જૂનાગઢ), શારદાબેન અરજણભાઈ સોંદરવા (જૂનાગઢ), લક્ષ્મીબેન ચંદુભાઈ ચાંડપા (જૂનાગઢ) અને હંસાબેન અનીલભાઈ રાઠોડ (જૂનાગઢ)ને રૂા.૧૨,૮૭૦ની રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. વધુ તપાસ સી ડીવીઝનનાં પીએસઆઈ વી. ઉંજીયા ચલાવી રહયા છે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

